# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 53 ❖ Issue : 05 ❖ Pages : 36 ❖ Mumbai ❖ May 2025 ❖ Price : Rs.8/-



Scanned with OKEN Scanner

# માતૃ દેવો ભવ



## શ્રીમતી નર્મદાબેન માણેકલાલ વસા

**(દેહિવલયઃ કારતક સુદ બીજ - ભાઈ બીજ ૬-૧૧-૧૯૮૩)**

## જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે ભાવાંજલિ

ઉપાધ્યાનાન દશાચાર્ય આચાર્યણાં શતં પિતા !
સહસ્રતુ પિતૃન માતા ગૌરવેણા તિરિચ્યતે ! !
'દશ ઉપાધ્યાય બરાબર એક ગુરૂ
સો ગુરૂ બરાબર એક પિતા,
સહસ્ત્ર પિતા બરાબર એક માતા,
પરંતુ માતાની તોલે તો કોઇજ નથી ! !

પ્રભુના પરમતત્વમાં વિશ્વાસ અને શ્રદ્ધા, મિલનસાર સ્વભાવ,
કુટુંબ વાત્સલ્ય અને કરૂણા દ્વારા આપે જીવનને ઉજાળીને પરિવારના અણમોલ વારસાનું સુપુરે જતન કર્યું છે.
અમારા વિચારોમાં, શબ્દોમાં અને કાર્યોમાં આપ સદૈવ જીવંત રહેશો.
**અમારી વ્હાલસોયી પ્રેમાળ માતાના ચરણોમાં નતમસ્તકે વંદન...**

| | |
|---|---|
| સ્વ. સુધા-પ્રતાપ વસા | સુરેખા-મહેન્દ્ર વસા |
| પ્રીતિ-નરેન્દ્ર વસા | મનીષા-રાજેશ વસા |

## શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા પરિવાર



Scanned with OKEN Scanner

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ


**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
**સમય** : બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
**E-Mail:**svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી જયેશ શરદચંદ્ર વસા - મો. ૯૩૨૨૨૬૬૭૧૪**



**સમાજની કારોબારી સમિતિ**

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા.......................... પ્રમુખ
શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા ............. ભૂતપૂર્વ પ્રમુખ
શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા.......................... ઉપપ્રમુખ
શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી.............. માનદમંત્રી
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા.....................માનદમંત્રી
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા........................ખજાનચી
શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા.......................મુખપત્ર તંત્રી
શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી......................... સભ્ય
શ્રી જયુભાઈ ચુનીલાલ દોશી.............................. સભ્ય
શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા............................ સભ્ય
શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા............................ સભ્ય
શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા.......................... સભ્ય
શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા............................ સભ્ય
ડૉ. ધર્મેશભાઈ રસિકલાલ વોરા.......................... સભ્ય
શ્રી મેહુલભાઈ વિનોદરાય શેઠ ........................... સભ્ય
શ્રી અરૂણભાઈ મનસુખલાલ વોરા......................... સભ્ય
શ્રી પ્રવીણચંદ્ર ચીમનલાલ વોરા....................... કો-ઓપ્ટ
શ્રી હિતેષભાઈ છોટાલાલ વોરા........................ કો-ઓપ્ટ



**Bank Details**
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.
**S.B. A/C No.** 03870100000044
**IFSC** : BARB**0**BULLIO **(fifth digit will be numerical zero),**
**MICR** : 400012047

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**Banker :** Union Bank of India
Princess Street, Mumbai - 400002
**S.B.A/C.No.** 319102010054364
**IFSC** : UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.
**Auditor :** Punit Golwala & Co.
Chartered Accountant, Mumbai-400 009.

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂા.૨૭૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 (Yearly)

**મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ**
૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,
મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪


# અકસ્માત થયો...? કોન્ગ્રેચ્યુલેશન્સ!

- બી.એન. દસ્તુર

**પોઝિટિવ એટિટ્યૂડ કોને કહેવાય એની સત્યકથા.**

તમને પારસીઓનિ વિનોદવૃત્તિનો પુરાવો આપી, સાચા અર્થમાં કાંઇક શીખવી જશે. દસ્તુર સરના શબ્દોમાં ...

૧૯૮૮ માં દિલ્હીમાં એક કારવાળાએ મને ટક્કર મારી. મારા ડાબા પગના ટુકડા કર્યા નંગ નવ. સ્ટ્રેચર ઉપર મે અમદાવાદની હવાઈ સફર કરી અને દાખલ થયો. ડો.સુમન શાહની હોસ્પિટલમાં.

આપણા રિવાજ મુજબ સગાંસંબંધી, દોસ્તો, વિદ્યાર્થીઓ ખરખરો કરવા આવે. એરંડિયું પીધેલું ડાચું કરી ઘસેલું પીટેલું બોલે અને મને ડિપ્રેસ કરે. ઇશ્વરને બદનામ કરે.

મેં હોસ્પિટલમાં એન્ટ્રી મારી એના બીજા દિવસે, મારા પડોશી અને વડીલ રતનશા ખંભાતા મુલાકાતે આવ્યા. ખરખરો કરનારા હતા પંદરેક અને વાતાવરણ હતું ભારે, હસવાની મનાઇ. રતનશા એમના હાથમાં મીઠાઇનો મોટો ડબ્બો લઇને આવ્યા. મને પૂછ્યું. 'તું કર્મમાં બીલિવ કરેચ ?' 'ઓફ કોર્સ કરુચ.' મેં જવાબ આપ્યો. 'તેં ગયા જનમમાં પેલા કારવાળાની બૈરી સાથે લફરું કીધું હોસે, એટલે એને આંય જનમમાં તને ઉડારી દીધો. હવે આંય જનમમાં પાધરો રેજે.' પેલા ખરખરાવાળાઓના મોં ઉપર તેજ આવી લયું. ચાલ તારું મોંનું ખોલ. પેલા ડબ્બામાંથી એક કાજુકતરી કાઢી મારા મોંમાં મૂકી અને કહ્યું. 'કોન્ગ્રેચ્યુલેશન્સ'. સન્નાટો. એક જણે પુછ્યું, 'અંકલ, દસ્તુર સરને નવ ફ્રેકચર છે અને કોન્ગ્રેટ્સ ?'

રતનશાએ ડબ્બામાંથી એક કતરી એને આપી અને કહ્યું: 'જોની ડીકરા, આંય બબૂચક બેરામના એક જ પગમાં ફ્રેકચર છે, બેમાં નથી ને ફ્રેકચર ફક્ત નવ છે, નેવું નથી. આવા એક્સિડન્ટમાં લોકો મરી જાય. આંય તો જીવતો જાગતો છે. માટે કોન્ગ્રેચ્યુલેશન્સ. આંય ડબ્બો પકર ને બધ્ધાનો મોંનું મીઠું કરાવ.'

વાતાવરણ મજાનું થઇ ગયું. મારું ડિપ્રેશન દૂર થઇ ગયું. ઉપરવાળાનું પણ 'એટિટ્યૂડ ઓફ ગ્રેટિટ્યૂડ' શું છે એની મને, સૌને ખબર પડી ગઇ. બે મહિના હું હોસ્પિટલમાં રહ્યો. રતનશાની વાત વાઇરલ થઇ ગઇ અને મારા વિઝિટરો ખૂબ આનંદથી મારે માટે મીઠાઇ લઇને આવ્યા.

**ઇતિ વાર્તા સાર:**

જિંદગીની સફર આસાન હોતી નથી. ન બનવા જેવુંબનતું રહે છે, બનવા જેવું બનતું નથી અને જે બને છે તે ગમતું નથી. પણ જ્યારે દુ:ખના ડુંગર તૂટી પડે ત્યારે યાદ રાખો કે તમારા કરતાં વધારે કમનસીબો કરોડોમાં છે. જે બન્યું તેને વાગોળવાથી સ્ટ્રેસ વધશે. ડિપ્રેશન આવશે. તમે કરોડો કમનસીબોની સરખામણીમાં બહેતર છો, તે યાદ કરી બોલો, 'થેંક ગોડ'.




Scanned with OKEN Scanner

## તંત્રી સ્થાને થી....



શ્રી જયેશ શરદચંદ્ર વસા
મો. ૯૩૨૨૨ ૬૬૭૧૪

# વર્તમાન પરિસ્થિતિમાં શું આપણે પોતે જ પોતાનું ધ્યાન રાખવું પડશે? સંસ્કારનો વારસો જાળવણી કરવાની જવાબદારી કોની?

આપણા વડવાઓના સમયમાં ભારતમાં તેમજ સમગ્ર જગતમાં મર્યાદિત કોમ્યુનિકેશન સાધનો હતા. વડિલોએ અથાગ મેહનત કરીને કુટુંબોને સધ્ધર કર્યા. તેના ફળ સ્વરૂપે અત્યારનો યુગ સારામાં સારું ભણતર પામી રહ્યો છે. તે સમયમાં ઘરના પુરૂષોનું કામ નોકરી-ધંધો સંભાળવાનું અને ઘરની સ્ત્રીઓ નું કામ ઘર ગૃહસ્થી સંભાળવાનું.

આપણા વડવાઓ નો આખો પરિવાર એકજ ઘરમાં એક જ છત નીચે કુટુંબના ૧૫-૨૦ સભ્યો રહેતા હતા. (સંયુક્ત કુટુંબ). કુટુંબ માં સંપ અને એકતા હતી ઘરના દરેક સભ્ય ને વાણી સ્વતંત્રતા માં મર્યાદા હતી. સાંજનું વાળું સાથે બેસીને કરતા અને રાત્રે થોડોક સમય પરિવારના સભ્યો સાથે બેસીને દિનચર્યા કરતા હતા.

સમય જતા આપણા વડવાઓ નોકરી ધંધા અર્થે દેશ-વિદેશમાં સ્થાયી થયા. શરૂઆતના થોડા વર્ષ સુધી પરિવારની ભાવના અકબંધ રહી અને સમય જતાં પરિવારના બટવારા થવા માંડ્યા. એક જ પરિવારમાંથી અનેક ઘરો થવા માંડ્યા. ભાઈઓ-ભાઈઓ અલગ થવા માંડયા અને તેનાથી આગળ જતા અમુક ઘરોમાં તો દીકરા-વહુ અને માતા-પિતાના ઘરો પણ અલગ થવા માંડયા.

અત્યારના આધુનિક ઇન્ટરનેટ કોમ્યુનિકેશનના જમાનામાં દુનિયા એકબીજાથી એકદમ નજીક આવી ગઇ છે. અત્યારના યુગમાં સંતાનોને જે ફેકલ્ટી માં રસ હોય તે તેમાં માસ્ટરી હાંસલ કરી રહ્યા છે, અને મહેનતાણા રૂપે સારું એવું પેકેજ મેળવી રહ્યા છે. અત્યારના યુગમાં દીકરીઓ પણ સારામાં સારું ભણીને પુરુષો સાથે ખભેખભા મિલાવી રહી છે. બદલાતાં જતાં સમય સાથે નવી જીવનશૈલી, નવી વિચારસરણી, આધુનિક શિક્ષણ પદ્ધતિ સાથે આપણે પરિવર્તનશીલ બનતાં જઇ છીએ. પણ આધુનિકતાનાં આંધળા અનુકરણમાં વિકસિત થતાં હોવાનાં ગર્વ સાથે ભ્રમમાં રાચતાં આપણે કયારે તેમાં અટવાઇ જઇએ છીએ તેનો ખ્યાલ રહેતો નથી અને જયારે ધ્યાન પડે છે ત્યારે સમય વીતી ગયો હોય છે. આવું જ કંઇક બને છે જયારે સંતાનનો ઉછેર કરવામાં. બાળકનાં માં-બાપ સાથેનાં સબંધમાં કંઇક ખોવાયું હોવાનો અહેસાસ થાય છે ત્યારે.

આ બધી અદભુત અકલ્પનીય સગવડતાઓ વચ્ચે દીકરા-વહુ તથા મા-બાપ વચ્ચેના વિચારો-મંતવ્યો વચ્ચે ઘણી બધી દુરી થઇ ગઇ છે. સંતાનો તેમના શેડ્યૂલ માં એકદમ વ્યસ્ત છે. સંતાનોને પોતાના માં-બાપ સાથે બેસવાનો સમય નથી. વડીલો પોતાની ખુશી, દુ:ખ કે ગમ અંગત પરિવારજનો સાથે વ્યક્ત નથી કરી શકતા.

અત્યારના આધુનિક યુગના સંતાનોની હાલત કદાચ આનાથી પણ વધારે ખરાબ થઇ શકે છે કેમ કે અત્યારના સંતાનો તેમના માં-બાપે, 'તેમના વડીલો સાથેનો કરેલા વહેવાર નું અનુકરણ કરશે જ'. તેમના સ્મૃતિપટ પર વર્ષો પહેલા ભૂતકાળમાં વીતી ગયેલા બનાવો ઉપસી આવશે અને પેઢી દર પેઢી ભવિષ્યમાં પણ કદાચ આ જ પ્રમાણે ચાલતું રહેશે. ભવિષ્યમાં આવનારો સમય વર્તમાન સમયથી પણ દુષ્કર હશે. આધુનિક રાચરચીલા પાછળ દોડ લગાવતા લગાવતા ઘડપણ કયારે આવી જશે, એકલતાના સંજોગો કયારે આવી જશે તે પણ ખબર નહિ પડે.

## સાવધાન ! હજુ પણ સમય છે. હજુ પણ મોડું થયું નથી.

આધુનિક પેઢીના વડીલો જો સંસ્કાર નો વારસો જાળવી રાખશે, વડીલો માટે સમય ફાળવશે, તેમની સાથે સમય વિતાવશે, સુખ દુ:ખની વાતો કરશે તેમજ તેમને અંદરથી સમજવાનો પ્રયત્ન કરશે તો તેમના સંતાનોમાં પણ સારા સંસ્કાર નો વારસો આવશે. સારા સંસ્કારો નું સિંચન થશે અને આગળ જતા આપણી આવનારી પેઢીની પેઢીના પરિવારો ખુબ ખુશ રહેશે અને વડીલોની આંતરડી પણ ઠરશે.

**'વારસાગત મળેલા સારા સંસ્કારો આવનારી પેઢીની-પેઢી ના પરિવારોને તારી દેશે'**

**'ઇશ્વર રૂપી મળેલા મા-બાપ, વડીલો ની કિંમત અમૂલ્ય છે.'**



Scanned with OKEN Scanner

# જીવનની બાર ધારાઓ

## ૧૨

## 'ધર્મ ભાવના'

- મહેન્દ્ર પુનાતર

### અહિંસા, સંયમ અને તપ, ધર્મ ઉત્કૃષ્ટ મંગલ

**જીવન અને ધર્મ જુદા નથી. એક સિક્કાની બે બાજુ છે. જીવન નહીં સમજાય તો ધર્મ સમજાશે નહીં. રાગ-દ્વેષ, ક્રોધ-અહંકાર, લોભ-લાલસા અને ઘૃણા-પુર્વગ્રહ હોય તો એ સાચો ધર્મ નથી. બહારના દેખાવ કરતાં ભીતરનું પરિવર્તન અને જ્ઞાન કરતાં આચરણ વધુ મહત્ત્વનું છે.**

જીવન અને ધર્મ જુદા નથી. એક સિક્કાની બે બાજુ છે. જીવન નહીં સમજાય તો ધર્મ સમજાશે નહીં. રાગ-દ્વેષ, ક્રોધ-અહંકાર, લોભ-લાલસા અને ઘૃણા-પુર્વગ્રહ હોય તો એ સાચો ધર્મ નથી. બહારના દેખાવ કરતાં ભીતરનું પરિવર્તન અને જ્ઞાન કરતાં આચરણ વધુ મહત્ત્વનું છે.

બાર ભાવનાઓ જમીનમાં પડેલા બીજ જેવી છે. તેની યોગ્ય માવજત થાય તો વટવૃક્ષ બનતા વાર લાગે નહીં. બીજને જેમ સારું પાણી, ખાતર અને સૂરજનો જોઇએ તેટલો તાપ મળે તો અંકુર ફૂટી નીકળે છે અને ધીરે ધીરે તેનો વિકાસ થાય છે. આત્મિક વિકાસ માટે પણ આ બાર ભાવનાનાં બીજો મનમાં ધરબાયેલા હોવા જોઇએ અને ચિંતન-મનન દ્વારા તેની યોગ્ય સંભાળ લેવાય તો તે ભાવનાઓ ફળ્યા વગર રહેતી નથી. આ બાર ભાવનાઓ જીવન પરિવર્તનની છે. જીવનને શુદ્ધ બનાવીને આગળ વધવાનો આ રાજમાર્ગ છે.

અનિત્ય ભાવનામાં આપણે જોયું કે જગતની પ્રત્યેક વસ્તુ એક ન એક દિન નષ્ટ થવાની છે. અહીં કશું કાયમી નથી. અશરણ ભાવનામાં જાણ્યું કે અહીં કોઇનું શરણ કામ આવતું નથી. આપણી પાસે ગમે તેટલી ધન-દોલત હોય, સત્તા અને શક્તિ હોય પણ અંત સમયે આમાંની કોઇ વસ્તુ આપણું રક્ષણ કરી શકતી નથી કે બચાવી શકતી નથી. સંસાર ભાવનામાં ખ્યાલ કર્યો કે સંસારમાં રાગ-દ્વેષ છે, ઇર્ષા છે, અદેખાઇ છે અને જીવન જીવવા માટે અનેક આપાધાપી કરવી પડે છે. આને કારણે કર્મોના જાળાઓ બંધાય છે. એકત્વ ભાવનામાં બોધ થયો કે આપણે એકલા આવ્યા છીએ અને એકલા જવાના છીએ, કશું સાથે આવવાનું નથી.

અન્યત્વ ભાવનામાં આપણે જોયું કે આપણું પોતાનું જેને માનીએ છીએ તે પણ આપણું પોતાનું નથી. અશુચિ ભાવનામાં એ બાબત પર પ્રકાશ પડયો કે દરેક વસ્તુ વહેલી-મોડી જીર્ણ થવાની છે. અશુદ્ધ થવાની છે. વસ્તુને ગમે તેટલી સાચવી રાખો પણ સમયની ધારામાં તે ઘસાતી જશે અને છેવટે નાશ પામશે. રૂપ અને સૌંદર્યનું પણ આવું જ છે. જુવાની પણ ટકવાની નથી. વૃદ્ધાવસ્થા આવશે. શરીર જીર્ણ થશે. કાયા બેવડ વળી જશે અને છેવટે તેનું અસ્તિત્વ રહેશે નહીં. જે વસ્તુ આજે સુંદર દેખાય છે તે કાલે ગમશે નહીં. આસ્રવ ભાવનામાં જાણ્યું કે મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિથી કર્મો બંધાય છે. સંવર ભાવનામાં જોયું કે ઇન્દ્રિયોને વશ કર્યા વગર કર્મોને રોકી શકાય નહીં. નિર્જરા ભાવનામાં એ વસ્તુની સમજ પડી કે કર્મો આત્માની સાથે લાગેલા છે તેને દૂર કરવા માટે શરીરથી ઉપર ઉઠવાનું છે અને મનને અંકુશમાં રાખવાનું છે. અને આ માટે તપશ્ચર્યા જરૂરી છે. લોક ભાવનામાં જોયું કે સકળ વિશ્વ અને બ્રહ્માંડના રહસ્યોને સમજવાનું જરૂરી છે. તેનાથી આપણી હસ્તી અને હેસિયતનો ખ્યાલ આવે છે. આ ચિંતન માણસને આત્મસ્વરૂપનું દર્શન કરાવે છે. આપણે કયાંથી આવ્યા, કયાં જવાના છીએ અને આપણું કર્તવ્ય શું છે તેનું આમાંથી જ્ઞાન મળે છે. કુદરત અને પરમાત્માના તત્ત્વોને સમજવાનો આ રાહ છે. બોધિદુર્લભ ભાવનામાં મનુષ્યજન્મની સાર્થકતાની વાત જાણી. જીવનમાં જે



Scanned with OKEN Scanner

કંઇ પ્રાપ્ત થયું છે તે પરમાત્માની કૃપા છે તેનો અહેસાસ થયો. હવે આપણે છેલ્લી ધર્મ ભાવના અંગે વિચાર કરીશું.

કોઇ પણ માણસ પોતાના જીવનને સાત્ત્વિક અને આત્મિક રીતે સમૃદ્ધ ન કરે ત્યાં સુધી ધર્મને પામી શકે નહીં. માણસ સરળતાથી, સહજતાથી જીવે અને કોઇને અંતરાયરૂપ ન બને તો ઘણા દોષોમાંથી બચી જાય. હકીકતમાં જીવન એવી રીતે જીવવું જોઇએ જે ખુદ ધર્મ બની જાય. જીવન એ ધર્મનું પ્રથમ સોપાન છે. માણસ ગમે તેટલો ધાર્મિક હોય, પરંતુ જીવન જો કલુષિત હોય, રાગદ્વેષથી ભરેલું હોય, ક્રોધ - અહંકાર હોય, લોભ-લાલસા, ઘૃણા અને પૂર્વગ્રહ હોય તો એ ખરો ધર્મ નથી. કેટલાક માણસો મંદિરમાં, દેરાસરમાં કે ઉપાશ્રયમાં જેટલા નિર્દોષ અને ભાવમય દેખાય છે એટલા ઘરમાં હોતા નથી. મંદિરનો ધર્મ ઘર કે દુકાન સુધી પહોંચતો નથી. આપણે દેરાસરમાં ભગવાનના દરબારમાં હોઇએ છીએ એટલા પૂરતા જ ધાર્મિક હોઇએ છીએ. બાકીના સમયમાં ધર્મ રહેતો નથી. મંદિર કે દેરાસરના પગથિયાં ઊતરતા ઘર સુધી પહોંચીએ ત્યાં તો ધર્મ ઓસરી જાય છે. જીવનની દરેક પ્રવૃત્તિમાં ધર્મ રહેવો જોઇએ. ધર્મના સિદ્ધાંતોનું અનુશરણ થવું જોઇએ.

હાથમાં માળા અને મન બીજે ભટકતું હોય તો તેનો અર્થ શો છે ? ધર્મ તરફ પ્રયાણ કરતા પહેલા જીવનને સુધારવાનો પ્રયાસ કરવો જોઇએ. બાર ભાવનાનું ચિંતન એટલા માટે છે કે માણસ જીવનને સમજી શકે અને સુધારી શકે. માણસ મોટે ભાગે જીવનને સમજી શકતો નથી એટલે ધર્મને સમજવાનું મુશ્કેલ બને છે. જીવનને જેવું બનાવીએ તેવું બને છે. તેને જેવો આકાર આપીએ તેવો ઘાટ ઘડાય છે. પ્રેમ, દયા અને કરુણા એ જીવનના સ્રોતો છે, તે જીવનને પારદર્શક બનાવે છે.

જૈન ધર્મમાં અહીંસા, સંયમ અને તપનું અનેરું મહત્ત્વ છે. અહિંસા જૈન ધર્મનો પ્રાણ છે અને તપ તેનું તેજ છે. જૈન ધર્મમાં અહિંસાનો સૂક્ષ્મ સ્વરૂપે વિચાર કરવામાં આવ્યો છે. જગતના તમામ જીવો પ્રત્યે પ્રેમ, દયા અને કરુણાની ભાવનાનો તેમાં ખ્યાલ કરાયો છે. જૈન ધર્મમાંથી અહિંસાને બાદ કરો તો કશું બચે નહીં. ભગવાન મહાવીરે કહ્યું છે કે ‘સર્વ જીવો પ્રત્યે આત્મભાવ રાખો. જેવું તમે તમારા માટે ઇચ્છો છો એવું બીજા માટે પણ ઇચ્છો.’ પ્રાણીમાત્ર સુખ ઇચ્છે છે. આ સુખનો ભાવ સ્વભાવગત છે. પૃથ્વી, પાણી, વાયુ અને અગ્નિ જીવનના તત્ત્વો છે. તેનો સંયમપૂર્વક ઉપયોગ થવો જોઇએ. ‘ધમ્મસ મૂલં દયા’ દયા ધર્મનું મૂળ છે. અને ‘જીવ વહો અપ્પ વહો’ જીવવધ એ જાતનો વધ છે. હિંસાથી દૂર રહેવાનો આમાં બોધ છે. હિંસાથી બંધાતાં કર્મોનું દુઃખ અપાર છે. દુનિયામાં દુઃખ, અશાંતિ અને અજંપો છે. દુઃખ, વ્યથા, પીડા અને યાતના વધતી જાય છે. સાચા અર્થમાં કોઇ સુખી નથી. આ બધાનું કારણ શું છે. મહાવીર કહે છે આ બધાં દુઃખોનું મૂળ હિંસા છે. હિંસાના કારણે જગત પીડિત છે. દુનિયાનાં દુઃખોને રોકવા હશે તો હિંસાને રોકવી પડશે. કોઇને મારી નાખવાથી જ માત્ર હિંસા થતી નથી. કામ, ક્રોધ, લોભ, મોહ, રાગ, દ્વેષ અને અહંકાર એ પણ હિંસા છે. મહાવીરે આ સૂક્ષ્મ હિંસા પર વિશેષ ભાર મૂક્યો છે. બહાર આપણને જે હિંસા દેખાય છે તે આ બધી સૂક્ષ્મ હિંસાઓનો આખરી વિસ્ફોટ છે. મહાવીર પ્રભુએ કહ્યું છે જાગૃતિથી ચાલો, બેસો, ઊંઘો, ખાવ, પીઓ, બોલો જેથી પાપકર્મો બંધાય નહીં. આમા સંયમની વાત છે. પ્રેમ, દયા, કરૂણા અને અનુકંપા વગર દીક્ષા, ભિક્ષા, શિક્ષા, દાન, શીલ, તપ અને ધ્યાનનો કોઇ અર્થ નથી.

ભગવાન મહાવીરે કહ્યું છે કે ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. ધર્મ એટલે અહિંસા, સંયમ અને તપ. આવો ધર્મ જે આચરે છે તેને દેવો પણ નમસ્કાર કરે છે. તપશ્ચર્યા દેહશુદ્ધિ અને આત્મશુદ્ધિ માટે છે. તેનો મુખ્ય હેતુ આત્મકલ્યાણ છે. તેમાં ત્યાગની છૂટવાની ભાવના હોવી જોઇએ. માન, માયા, લોભ, ક્રોધ આસકિત અને વાસનાનો સંપૂર્ણ ક્ષય થવો જોઇએ. તપ અને ત્યાગનો મૂળ ઉદ્દેશ રાગ અને દ્વેષ પર વિજય મેળવવાનો છે.

ધર્મમાં દેખાવના બદલે આચરણ મહત્ત્વનું છે. આચરણની સાથે અંતરાત્માને બદલવાની જરૂર છે. આપણે શું કરીએ છીએ તેના કરતાં કેવા છીએ તે વધુ મહત્ત્વનું છે. આપણો અંદરનો આધાર જો પોલો હોય તો બહારનું આચરણ માત્ર દંભ અને ડોળ છે. દંભ વહેલો કે મોડો પ્રગટ થયા વગર રહેતો નથી. માણસનું અંદરનું અસ્તિત્વ ઠીક હશે તો બહાર તેવું ઉદ્‌ભવશે, પરંતુ અંદર મોહ, લોભ અને લાલસા હશે તો બહાર તેનું પ્રતિબિંબ પડયા વગર રહેશે નહીં. અંદર જે પડેલું છે તેને બહાર આવતા વાર લાગતી નથી.

ધર્મ એ જીવનનું ધારક બળ છે, પરંતુ ચારિત્ર એ પ્રાણ છે. ચારિત્રને, આચારને કોઇ કાળે ગૌણ ગણી શકાય નહીં. તેનુ કાળજીપૂર્વક જતન થવું જોઇએ. આચાર વિનાના વિચારો ગમે તેટલા સમૃદ્ધ હોય તો પણ તેનાથી કોઇ અર્થ સરતો નથી. કોઇ પણ બાબત હોય આપણું જ્ઞાન સિમીત છે. ધર્મને જાણવાનું - સમજવાનું સરળ છે, પણ જીવનમાં ઉતારવાનું અતિ મુશ્કેલ. આપણે કેટલું બધું વાંચીએ છીએ, સાંભળીએ છે, સારું પણ લાગે છે, બીજાને શિખામણ પણ આપીએ છીએ પણ આપણા ખુદના જીવનમાં તે ઊતરતું નથી. માણસ ગમે તેટલો મોટો, સમર્થ અને શક્તિશાળી હોય પણ તેનામાં ચારિત્ર ન હોય તો તેની કોઇ કિંમત નથી. એવું જ્ઞાનની બાબતમાં છે. આજે માહિતી તો જોઇએ તેટલી મળે છે પણ જ્ઞાન મળતું નથી. જ્ઞાન એટલે સાચી સમજ અને આચરણ. ચારિત્ર અને વિવેક સાધનાના સ્થંભો છે. ધર્મનું સાચું અનુશરણ માણસને નિર્ભય બનાવે છે.

અહંકાર એ માણસનો સૌથી મોટો શત્રુ છે. ધન, પદ અને પ્રતિષ્ઠા સાથે અહંકાર આવતો જાય છે. માણસ જેમ ઊંચે ચડતો જાય તેમ તેને વધારે સંભાળવાનું હોય છે. ટોચ પર ગયા પછી



Scanned with OKEN Scanner

સભાનતા ન હોય તો ગબડી પડતા વાર લાગતી નથી. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર શત્રુઓ છે. ક્રોધ આવે છે ત્યારે સારા-નરસાનું ભાન રહેતું નથી. ક્રોધ ગાંડપણ છે, તેમાં ન કરવાનું કરી બેસાય છે. મહાવીર પ્રભુએ કહ્યું છે 'કોહો પીઇ પણાસેઇ, માણો વિણયનાસણો ત્માયા મિતાણી નાસેઇ, લોહો સ્વવ વિણાસણો' ક્રોધ પ્રીતિને નષ્ટ કરે છે. માન વિનયને નષ્ટ કરે છે, માયા મૈત્રીને નષ્ટ કરે છે અને લોભ બધાને નષ્ય કરી નાખે છે.

ભગવાન મહાવીરે સાચા અર્થમાં મનુષ્ય બનવાનો અને પ્રેમપૂર્ણ જીવવાનો માર્ગ બતાવ્યો છે. સમય અને ક્ષેત્ર બે મહત્ત્વનાં તત્ત્વો છે. અભય ધર્મના મૂળભૂત આધાર છે. સમગ્ર સંસાર સંયોગ છે. અનંત આત્માઓ છે અને આત્મા પરમાત્મા બનવાની ક્ષમતા ધરાવે છે. જે સમય અને સંસારથી પર છે. તેનું નામ સામાયિક છે. વિતરાગનો અર્થ છે ન રાગ, ન વૈરાગ. આ બંનેથી પર થવું એટલે મુક્તિ. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ મોક્ષનો માર્ગ છે. જયાં કોઇ જાતનું બંધન નથી. ન સુખનું, ન દુઃખનું, ન દેહનું, ન મનનું. આ પરમ અવસ્થા છે. ધર્મ એ જીવનનું મંગલ છે, મુક્તિનો માર્ગ છે. (આ સાથે બાર ભાવનાઓ પૂર્ણ)

# જેવી પ્રવૃત્તિ એવી નિયતિ

એક વ્યક્તિ તેના ત્રણ છોકરાઓને લઇ જયોતિષ પાસે જાય છે અનેએમનું ભવિષ્ય પુછે છે. જયોતિષે એ છોકરાઓની કુંડળીના પાનાં પલટાવવાના બહાને ત્રણે છોકરાની ગતિવિધિઓ પર ધ્યાન આપ્યું.

છોકરાઓને એમના પિતા એક-એક કેળું આપે છે પહેલાં છોકરાએ કેળું ખાઇ છાલ રસ્તા પર નાખી દીધી, બીજા એ છાલને કચરાપેટીમાં નાખી, અને ત્રીજા એ છાલને ગાયને ખવડાવી દીધી.

ત્રણે છોકરાઓ માંથી જયોતિષે પહેલાને મૂર્ખ, બીજાને સમજદાર અને ત્રીજાને ઉદાર બનવાની ઘોષણા કરી. એનું કારણ



પૂછવા પર જયોતિષે કુંડળીઓ બાજૂ પર મુકી છોકરાઓની તાત્કાલિક પ્રતિક્રિયાઓને મહત્ત્વ આપવાનું સ્પષ્ટ કર્યું. એમણે સ્પષ્ટ કર્યું કે મનુષ્યની જેવી પ્રકૃતિ હશે એવી જ એમની નિયતિ પણ હશે.

તો મિત્રો, આ તદ્દન સ્પષ્ટ છે આપણે જેવા બીજ વાવીશું એવાં જ ફળ પણ મળશે. પછી ભલેને આપણી કુંડળીમાં ગ્રહ-નક્ષત્રો આમ તેમ ફરતાં રહે. આવો સુંદર માનવ દેહ આપણને મળ્યો છે, તો ચાલોને આપણે બધી અંધ શ્રધ્ધા છોડી ધર્મનું પાલન કરતાં સાદું, સરળ વેદાન્તિ જીવન જીવીએ અને આ માનવદેહના ઉદ્દેશ્યને પાર પાડીયે. **- (પ્રેરણા - સંસ્કાર જ્યોતિ પુસ્તક, ગીતા પરિવાર)**

# પુણ્ય અને પાપ

આ જગતમાં જીવનું ધાર્યું કેમ નથી થતું ? પ્રયત્ન કરવા છતાં મનગમતી સફળતા કેમ મળતી નથી? અણધારેલી આફત કેમ આવે છે ? બે ભિન્ન ભિન્ન વ્યક્તિઓને એક સરખા સંયોગ હોવા છતાં એકને લાભ અને બીજાને નુકસાન કેમ થાય છે ? એકને સુખ અને બીજાને દુઃખ કેમ મળે છે ?

કહો, એ બધા પુણ્ય-પાપના ખેલ છે. કર્મ (ભાગ્ય) બે જાતના હોય છે. એક સારા (શુભ-સુખ આપનારા) અને બીજા ખરાબ (અશુભ-દુઃખ આપનાર). સારા કર્મ તે પુણ્ય, ખરાબ કર્મ તે પાપ. પુણ્ય જીવને સુખ આપે. મનગમતું આપે, સદ્બુદ્ધિ આપે, પાપ દુઃખ આપે, અણગમતું આપે, દુર્બુદ્ધિ આપે.

ઉપરના પહેલા ચિત્રમાં - શેઠાઈ, મેવા-મિઠાઈ, ધમધોકાર ધંધો, બંગલો, મોટર, હષ્ટપુષ્ટ શક્તિશાલી શરીર અને દેવવિમાન દેખાય છે, એ પુણ્ય હોય તો મળે છે.

બીજા ચિત્રમાં બળદને ભારે બોજ અને ચાબખા, મજૂરી, દુર્બલતા, ભંગીપણું (કચરો ઉઠાવવો પડે), બળવાનની લાત ખાવી પડે, મહેનત કરવા છતાં વિધા ન ચડે તે તથા, જેલ અને નરક દેખાય છે. એ પૂર્વે કરેલા પાપનું ફળ છે. આવા કર્મના કુલ ૧૫૮ ભેદ છે. તેમાં શાતા વેદનીય નામના પુણ્યથી સારું આરોગ્ય મળે, ઉચ્ચ ગોત્ર પુણ્યથી સારા-ઊંચા કુળમાં જન્મ મળે. દેવાયુષ્ય અને મનુષ્યાયુષ્ય પુણ્યથી દેવ-મનુષ્ય થવાય. શુભ નામકર્મથી સારી ગતિ, સારું રૂપ, સારો બાંધો, યશ-કીર્તિ, સૌભાગ્ય (લોકપ્રિયતા, લોકમાન્યતા) વગેરે મળે...

અશાતા વેદનીય પાપકર્મથી દુઃખ, વેદના, રોગ આવે. નીચગોત્રથી ઢેઢ-ભંગીના કુળમાં જન્મ થાય, અશુભ નામકર્મથી એકેન્દ્રિયાદિપણું, કીડા-મંકોડાપણું, અપજશ વગેરે મળે, જ્ઞાનાવરણ પાપથી ભણવાનું ન આવડે, યાદ ન રહે, મોહનીય પાપથી દુર્બુદ્ધિ, ક્રોધ, અભિમાન, લોભ વગેરે થાય. અંતરાય-પાપથી ધાર્યું ન મળે, ન ભોગવાય, દુર્બલતા રહે વગેરે થાય છે.

**o પુણ્યકર્મ બાંધવાના ઉપાયો**

સાધુ-સાધર્મિક આદિ સુપાત્રને દાન, ગુણવાનની અનુમોદના, પરમાત્મા આદિની સ્તુતિ, ભક્તિ, નમસ્કાર, દયા, વ્રત, નિયમ, તપસ્યા, ક્ષમા રાખવી, સત્ય બોલવું, નીતિ પાળવી, સારા વિચાર અને સારા આચારોમાં આગળ વધવું વગેરે...

**o પાપકર્મ બાંધવાના કારણો છે**

દેવ-ગુરુ અને ધર્મની નિંદા-આશાતના કરવી, ધર્મમાં અંતરાય (અટકાયત), હિંસા, અસત્ય-જૂઠ, અનીતિ, દુરાચાર, ભ્રષ્ટાચાર, કપાયો કરવા, ઈન્દ્રિયોના વિષયોમાં લંપટતા (સારું સારું દેખી તરત મેળવવાની તલપ) શિકાર, જુગાર, કંદમૂળ, હોટલ આદિ અભક્ષ્ય-ભક્ષણ, રાત્રિભોજન વગેરે....

**- પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ**



Scanned with OKEN Scanner

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી



## સ્વ.લીલાવંતીબેન ભગવાનદાસ મહેતા

**સ્વર્ગવાસ : ૨૬-૦૫-૨૦૧૯**

**વડાલ સોરઠ નિવાસી હાલ બોરીવલી (વેસ્ટ)**

જીંદગીનો ભાર ઢસડી ઢસડીને,
મનથી બેવડ વળી ચુકેલા તોય ખુશીથી અમને રાખતા
કણીઓ પડેલી હથેળીઓને બરછટ બનેલા હાથ,
તોય કોળીયો અમોને ભરાવતા...
ઘા ભલે ને હોય હજાર તોય વહાલ અમોને કરતા...
જેમનું તન મન એકતા નો સંદેશ આપતા
જેમનું જીવન આધ્યત્મ વિકાસ નો સંદેશ આપે
જેમના શ્વાસે શ્વાસે કુટુંબ કલ્યાણની ભાવના વસે
જેમના શબ્દે શબ્દે વાત્સલ્ય નું ઝરણું વહે
એવા પરમ ઉપકારી પ્રાતઃ
વંદનીય પૂજ્ય માતુશ્રીના ચરણોમાં કોટી કોટી વંદન

**સ્વ.ભગવાનદાસ દામોદર મહેતા**
**કીર્તિભાઈ - સ્વ.ભારતીબેન પરિવાર**
**ગીરીશભાઈ - હર્ષાબેન પરિવાર**
**હરીશભાઈ - જાગૃતિબેન પરિવાર**

**ભાવનાબેન ભરતકુમાર કોરડીયા પરિવાર**
**માયાબેન સંજયભાઈ મહેતા પરિવાર**
**કૃપાબેન મિતુલકુમાર વોરા પરિવાર**
**નેહાબેન બિરજકુમાર મહેતા પરિવાર**

**મહેતા પરિવાર**

Kayami-May



Scanned with OKEN Scanner

# ગઠબંધન નહિ લગ્નબંધન

**રણમાં ખીલ્યું ગુલાબ - ડૉ. શરદ ઠાકર**

## કિતોબોં સે દલીલ દૂઁ યા ખુદ કો સામને રખ દૂઁ
## ફરાઝ વો મુઝ સે પૂછ બૈઠી હૈ મોહબ્બત કિસ કો કહતે હૈં

(શીર્ષક પંક્તિઃ અહમદ ફરાઝ)

અંકલેશ્વર ખાતે રંગોની ફેક્ટરી ધરાવતા કરોડો રૂપીયાના માલિક અંબર રંગવાલાએ યુવાન પુત્ર મર્મરને સામે બેસાડીને વાતની શરૂઆત કરી, 'દીકરા, હવે તું યુવાન થયો, લગ્નને લાયક થયો, તારૂં ગ્રેજ્યુએશન પૂરું થયાનેય પાંચ વર્ષ થઇ ગયા; ત્રણેક વર્ષથી તું આપણી ઓફિસમાં બેસતો થઇ ગયો છે, હવે મને લાગે છે કે તારા હાથ પીળા કરી દેવા જોઇએ.' મર્મરને તીવ્ર ઇચ્છા થઇ આવી કે એ પપ્પાને આવું કહી દે. 'પપ્પા હું તો છેલ્લા પાંચ વર્ષથી આ ઘડીની રાહ જોઇને બેઠો છું કે તમે કયારે મારાં લગ્નની વાત કાઢો, પણ તમે બોલતા ન હતા અને મારામાં બોલવાની હિંમત ન હતી. વાત એમ છે કે હું ટી.વાય.બી.એસ.સી. ના વર્ષથી મારી સાથે ભણતી...' મર્મર અત્યારે પણ આવું કહેવાનો વિચાર જ કરી શકયો, વાત તો કરી જ ન શકયો. શૈશવકાળથી લઇને યુવાનીના સમય દરમિયાન મર્મર કયારેય મમ્મી-પપ્પા સામે પોતાનો અવાજ બુલંદ કરી શકયો નહીં. સાવ શાંત અને સૌમ્ય સ્વભાવનો પુત્ર. નામ તેવા જ ગુણ. મર્મર એટલે હળુ હળુ વાતા પવનથી ફરફરતાં પર્ણોનો મંદ ધ્વનિ. મર્મરના કિસ્સામાં આ ધીમો અવાજ કયારેય મોટો થયો જ નહીં અને આજે વાત એનું લગ્ન નક્કી થવા સુધી પહોંચી ગઇ. 'જી, પપ્પાજી!' આજ્ઞાંકિત દીકરો આટલું માંડ બોલી શક્યો.

પપ્પા અંબરભાઈએ વાત આગળ ધપાવી, 'મારી નજર વાપીના ઇન્ડસ્ટ્રિયાલિસ્ટ જયેશભાઈની દીકરી પર ઠરી છે. જોકે, મેં કન્યાને જોઇ નથી, પણ એમાં જોવાનુંય શું હોય! એ તો ઘરનો મોભો જોઇને નક્કી કરાય. શેઠ જયેશભાઈ આપણી જ લાઇનના વેપારી છે. આપણું વાર્ષિક ટર્ન આવર બસો કરોડનું અને એમનું સાતસો કરોડનું છે. જો એમની દીકરી આપણા ઘરમાં આવી જાય તો આપણો બિઝનેસ પણ હરણફાળ...' મર્મર ઊંચો-નીચો થઇ ગયો, 'પપ્પા, આપણે જો એમની સાથે વેપાર કરવો હોય તો વાર્ષિક ટર્ન ઓવર જોવું પડે. એમના કેમિકલ્સની કવોલિટી જોવી પડે. રંગની કિંમત જાણવી પડે. નાણાંનો વહેવાર કરવો હોય તો એમની નિયત ચકાસવી પડે. આપણે તો લગ્ન માટે વિચારી રહ્યા છીએ તો પછી.. ?' 'ડોબા, તને એ બધામાં ખબર ન પડે. ધનવાન લોકોમાં લગ્ન વર-કન્યાનાં જોડાણ માટે નથી કરવામાં આવતાં, પણ બિઝનેસના વિકાસ માટે કરાતાં હોય છે. રાજકારણમાં ગઠબંધન હોય છે એવી જ રીતે બિઝનેસમાં પણ ગઠબંધન જ રચાતાં હોય છે. તારે ડબડબ કરવાની જરૂર નથી. છેવટે બધી સંપત્તિનો માલિક તું જ બનવાનો છે. માટે ચૂપચાપ હું કહું તેમ કર્યા કર.' મર્મરે ચૂપચાપ કર્યા તો ન કર્યું, પણ જોયા જરૂર કર્યું.

અંબરભાઈએ વચેટિયા પરિચિત દ્વારા જયેશભાઈ સુધી વાત પહોંચાડી. પરિચિતનો પાંચ દિવસ પછી જવાબ આવ્યો, 'તમે મોડા પડ્યા, અંબરભાઈ. બે મહિના વહેલાં વિચારવાનું હતુંને! જયેશભાઈની દીકરીનું પાકું થઇ ગયું. વેવાઇ અમદાવાદના મોટા ઇન્ડસ્ટ્રિયાલિસ્ટ છે. કેમિકલ્સના બિઝનેસમાં જ છે. મોટું માથું ગણાય છે. વેવાઇના ધંધાનું એન્યુઅલ ટર્ન ઓવર બારસો કરોડ રૂપિયા છે. જયેશભાઇ ફાવી ગયા.' અંબર રંગવાલા દુઃખી થઇ ગયા. એકાદ મહિનો લાગી ગયો આ આઘાતમાંથી બહાર આવતા. પછી ફરીથી એમણે દીકરાને કહ્યું, 'સુરતના માધવશેઠની દીકરી મંજરી સાથે તારી વાત ચલાવું છું. કાપડના બિઝનેસમાં એમનું મોટું નામ છે. વાર્ષિક છસો કરોડની પાર્ટી છે. જો તારૂં મંજરીની સાથે ચોકઠું ગોઠવાઇ જાય તો આપણો બિઝનેસ પણ...' મર્મરે આ વખતે થોડોક વિરોધ કર્યો, પણ એનો અવાજ

પાંદડાનો ફરકાટ બનીને રહી ગયો. ખખડાટ બનવા સુધી પહોંચ્યો નહીં. આ વખતે અંબર રંગવાલા જરા પણ મોડા પડયા ન હતા. માધવશેઠની મંજરી હજી કયાંય ગોઠવાઇ ચૂકી ન હતી. માધવશેઠે મુરતિયાઓ જોવાનું શરૂ કર્યું હતું. એમણે મર્મરને પણ જોઇ લીધો. મંજરીને મર્મર ગમી ગયો. મર્મરને તો દુનિયામાં કોઇ કન્યા ગમવાની જ ન હતી. એ ભગવાનને પ્રાર્થના કરી રહ્યો કે સામેવાળા તરફથી 'ના' આવી જાય તો સારું ! અને 'ના' આવી ગઇ. માધવશેઠે તો ચવાઇ ગયેલો જવાબ આપી દીધો. 'જન્માક્ષર મળતા નથી.' પણ અંબરભાઈને ત્રાહિત વ્યક્તિ પાસેથી સાચું કારણ જાણવા મળ્યું. 'અંબરભાઈ, મંજરીને તો તમારો દીકરો ગમી ગયો હતો પણ માધવશેઠને ખુશાલદાસનું ખાનદાન વધુ આકર્ષી ગયું. ખુશાલદાસની દીકરી કામિની દેખાવમાં ઠીક છે, પણ એમનો ધંધો તગડો છે. એટલે માધવશેઠ..' અંબર રંગવાલાને આ વખતે પણ દુઃખ તો થયું, પરંતુ એક મુદ્દા પર એમણે મન મનાવી લીધું. એમણે જ દીકરાને કહ્યું હતું ને કે શ્રીમંત લોકોમાં વર-કન્યાનું મેચિંગ જોવામાં નથી આવતું, ધન અને વેપારનું ગઠબંધન જ વિચારવામાં આવતું હોય છે. ખુશાલદાસનું વાર્ષિક ટર્ન ઓવર પોતાના કરતાં વધારે હોય તો પછી માધવશેઠ એમની દીકરીને એ ઘરમાં જ વરાવેને !

સમય પસાર થતો ગયો તેમ અંબર રંગવાલાનો રઘવાટ વધતો ગયો. કોઇ પણ હિસાબે પોતાના દીકરા માટે અતિ શ્રીમંત ખાનદાની કન્યા શોધવા માટે એમણે પોતાના તમામ સંપર્કોને કામે લગાડી દીધા. લગભગ બધી જગ્યાએથી એક જ વાત જાણવા મળી કે કન્યાના પિતા પણ આવું જ ગઠબંધન કરવા માટે વલખી રહ્યા હતા. એક દિવસ મર્મરે હિંમત એકઠી કરીને પોતાની માને કહ્યું, 'મમ્મી, તું પપ્પાને સમજાવ કે મારા માટે કન્યા શોધવાનું બંધ કરે. મેં મારી જીવનસાથી પસંદ કરી લીધી છે.' મા શું બોલે છે ? બાપડીએ કહી દીધું, 'તારા પપ્પા આગળ મારું કશું જ ચાલ્યું નથી અને ચાલવાનું પણ નથી. તારી વાત કહેવા માટે તારે જ હિંમત કરવી પડશે.' સાત દિવસ લાગી ગયા મર્મરને હિંમત એકઠી કરવામાં. આઠમા દિવસે એ મક્કમ મન સાથે પિતા પાસે ગયો, 'પપ્પા, મેં છોકરી શોધી લીધી છે. એનું નામ ટશર છે. અમે કોલેજમાં સાથે ભણતાં હતાં. એ દેખાવમાં સુંદર છે અને સંસ્કારોમાં ઉત્તમ છે.'

અંબરભાઈ ભડક્યા, 'એના પપ્પા શું કરે છે ? નોકરી કે બિઝનેસ ? એમનો બંગલો ક્યાં આવેલો છે ? એમની નેટવર્થ કેટલી છે. ?' પ્રશ્નોનો સિલસિલો હજી પણ આગળ ચાલવાનો હતો. મર્મરે જવાબ આપીને સવાલો અચકાવી દીધા, 'ટશરના પપ્પા નથી. દસ વર્ષ પહેલાં કેન્સરની બીમારીમાં મૃત્યુ પામ્યા. એમની સારવાર પાછળ ઘર ખાલી થઇ ગયું છે. મેં નક્કી કર્યું છે કે લગ્ન પછી હું અને ટશર નોકરી કરીશું. મહિને દહાડે બધું મળીને પચાસ-સાઠ હજાર તો કમાઇ લઇશું. અમને આટલામાં જીવતાં આવડી જશે. અમારે ગઠબંધન નથી કરવું, અમને તો લગ્નબંધન ગમે છે. હું અત્યારે જ ઘર છોડીને...' અંબર રંગવાલાની આંખોમાં અંજાયેલો મેઘધનુષના સાતેય રંગો આથમી ગયા અને જિંદગીનો વાસ્તવિક રંગ, પ્રેમનો ગુલાબી રંગ રમી રહ્યો. એમણે દીકરાને બાથમાં ભરી લીધો, કહ્યું: 'ટશરની મમ્મીને તું ફોન કરે છે કે હું કરું ?'

## સ્વપ્ન જોવાનું બંધ કર !

તું નકામું થાકવાનું બંધ કર,
ઘર બરફનું બાંધવાનું બંધ કર!

શું થયું, કેમ થશે ને કયારે થશે ?
આમ ઝીણું કાંતવાનું બંધ કર!

મોત ને હશે ગરજ તો આવશે,
એ દિશામાં તાકવાનું બંધ કર!

હસ્તરેખા પણ પસીનાથી ચમકશે,
તું પ્રારબ્ધને કોસવાનું બંધ કર!!

'ઓપન' અને 'ક્લોઝ' બન્ને વિરોધાભાષી શબ્દ છે,
સાહેબ... પરંતુ એની મજા તો જુવો,
આપણું મન 'ઓપન એની પાસે જ થાય છે,
જે આપણી ખૂબ જ 'કલોઝ' હોય છે.

ભુલ કરવા માટે
કોઇપણ સમય સારો નથી,
પરંતુ થઇ ગયેલ
ભુલ ને સુધારવી હોય તો,
કોઇપણ 'સમય' ખરાબ નથી.



Scanned with OKEN Scanner

## ૩૦ મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



# સ્વ.દિવાળીબેન ન્યાલચંદ પારેખ

દેહવિલય : તા.૧૬-૫-૧૯૯૫

**જીવનમાં સુવાસ, પ્રભુમાં વિશ્વાસ, આંખમાં અમી, દરિયા જેવું દિલ,**
**મીઠી વાણી, સ્નેહની સરવાણી, સરળ અને મિલનસાર સ્વભાવ**
**વ્યવહારિક સુજ અને બીજાને ઉપયોગી થવાની ભાવનાવાળા,**
**સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યું નહિ, હસતો રાખી ચહેરો,**
**કાયમી લીધી વિદાય અને મૃત્યુને પણ કર્યું અમર.**

**હે પરમ કૃપાળુ પરમાત્મા, સદ્દગતના આત્માને શાશ્વત સુખ આપજો તેવી પ્રાર્થના**

**પુત્ર તથા પુત્રવધુ** : રમણિકલાલ-મંગળાબેન, પ્રાણલાલ-રમીલાબેન, અરવિંદભાઈ-મૃદુલાબેન ધીરજલાલ-ઉષાબેન, ચંદ્રકાંત-હંસાબેન, જગદીશ-સોનલબેન

**દીકરી-જમાઈ** : સરોજબેન - રસીકલાલ

**પૌત્ર-પૌત્રવધુ** : નીલેશ-ભાવના, રાજેશ-જલ્પા, નીરવ-ખ્યાતી, સચિન-રીના, પરાગ-શ્રદ્ધા, તેજસ-અલ્પા, જીમિત

**દોહિત્ર-દોહિત્રવધુ** : સંજય-પારુલ, હેમાંશુ-એકતા

**દોહિત્રી જમાઈ** : સંગીતા-કિરણકુમાર, વિલ્પા-હિતેશકુમાર

**દોહિત્ર જમાઈ** : તરુણા-મુકેશકુમાર, નીલ્પા-નિકુંજકુમાર, હેતલ-દેવાંગકુમાર વિશાખા-પલ્લવકુમાર, વૈશાલી-ચિરાગકુમાર, અલ્કા-ચિરાગકુમાર સપના-વિરલકુમાર, ભાવના-પ્રશાંતકુમાર

૨૦૫, ન્યુ કમલા પાર્ક, બી-૨, ૬૦ ફૂટ રોડ, ભાયંદર (વેસ્ટ) ૪૦૧૧૦૧

Kayami-May



Scanned with OKEN Scanner

## પુષ્પાંજલિ



**જન્મ :**
**તા.૨૮-૮-૧૯૨૮**

**સ્વર્ગવાસ :**
**તા.૧૦-૫-૨૦૧૫**

### સ્વ.મહાસુખલાલ ભગવાનદાસ સંઘવી

**મૂળવતન : જુનાગઢ**

શ્રી સોરઠ વિશાશ્રીમાળીના સેવાભાવી કાર્યકર એવા આપ સત્કર્મો અને સત્કાર્યો દ્વારા પ્રેરણારૂપી જીવન જીવી, વાત્સલ્યભરી દિવ્ય સ્મૃતિઓ તથા વડલા જેવી શીતળછાયા દરેક

**સ્નેહીજનોના દિલમાં મૂકતા ગયા.**
**મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે.**
**મૃત્યુ પામે છે માનવી પોતે પણ તેના સત્કર્મો જીવે છે.**

આપના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ આપે તેમજ આપના આશીર્વાદ તથા આપનું માર્ગદર્શન કાયમ અમારી સાથે રહે એવી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના

| | | | | | |
|---|---|---|---|---|---|
| **ધર્મપત્ની** | : | જયા | **પુત્રવધૂ** | : | દિપ્તિ |
| **પુત્ર** | : | સંજય | **જમાઈ** | : | નયન જયંતીલાલ તુરખિયા |
| **પુત્રી** | : | કલ્પના | **જમાઈ** | : | પારસ રવિન્દ્રભાઈ વસા |
| **પુત્રી** | : | નીતા | | | |
| **પૌત્રી** | : | હેતાલી તથા પંક્તિ | | | |
| **દોહિત્રી** | : | રિદ્ધિ રોનક દોશી | **દોહિત્ર** | : | પ્રતિક પારસ વસા |

**તથા સંઘવી પરિવારની અંતઃકરણપૂર્વક**
**પુષ્પાંજલિ**

Kayami-May



Scanned with OKEN Scanner

# "ઊંઘલેવી.....ઊંઘલેવી.....ઊંઘલેવી.....!!!"

મોટાં મોટાં બંગલાવાળા ધનાઢ્યોના એરિયામાં એક માણસ નીકળ્યો અને કોઇ વસ્તુ વેંચવા નીકળ્યો હોય એ અદાથી બોલવા લાગ્યો, 'ઊંઘ લેવી..... ઊંઘ લેવી.....!!!' બધાંને ભારે આશ્ચર્ય થયું કે આ માણસ પાગલ તો નથીને? તેવામાં અનિદ્રાથી પીડિત એક શેઠ તેની પાસે ગયાં અને બોલ્યાં, 'ભાઈ, મને ઊંઘ નથી આવતી.' તે માણસ બોલ્યો, 'શેઠ, એક કલાક માટે તમે બધાં ઘરની બહાર નીકળો. હું એક કલાકમાં તમને એવું ઓશીકું બનાવી આપું કે ત્યાં માથું ટેકવ્યા બાદ તરત જ ઊંઘ આવી જશે... શેઠને મનમાં શંકા ઉપજી કે, 'આ ચોરીનાં ઇરાદે તો નહિ આવ્યો હોય ને?' શેઠને વિચાર મગ્ન જોઇને, તેનાં મોં પરના ભાવો કળીને કુશળ માણસ બોલી ઉઠયો, 'શેઠ, તમે ચિંતા ન કરો. મારો ઇરાદો ચોરી કરવાનો નથી... શેઠે તે માણસ પર વિશ્વાસ મૂકીને પોતાનું ઘર એક કલાક સોંપી દીધું. તે માણસે એક કલાકમાં ઓશીકું તૈયાર કરી આપ્યું. શેઠને આપ્યું. શેઠે કહ્યું કે, 'આજે રાત્રે જોઇ જોવું કે કેવીક ઊંઘ આવે છે પછી તમને પૈસા આપીશ... આખરે તો શેઠ ખરાં ને! ખાતરી કર્યા વિના પૈસા થોડા આપે?

તે માણસ હસતાં હસતાં બોલ્યો, 'શેઠ, મારે કંઇ પૈસાની ઉતાવળ નથી. હું જયારે ફરતો ફરતો તમારે ઘરે આવીશ ત્યારે હું જે માંગુ તે તમારે મને આપવું પડશે. બોલો છે મુંજૂર? શેઠ બોલ્યા, ભાઈ, મારીં ઊંઘ - મારાં આરામના બદલામાં જે જોઇતું હોય તે તું લઇ શકે છે... શેઠની વાત સાંભળીને પ્રસન્ન થઇને તે માણસ ચાલી નીકળ્યો... તે રાત્રિએ શેઠને ઘસઘસાટ ઊંઘ આવી. શેઠે પોતાનાં આડોશી - પાડોશી ને આ વાત કરી.. બધાં ને તે માણસને મળવાની ઉત્સુકતા થઇ. કેટલાકને થયું કે તે માણસ તંત્ર - મંત્રનો જાણકાર હશે જેથી આવું જાદુઇ ઓશીકું બનાવી શકયો.

થોડા દિવસો બાદ ફરી એ માણસ આવ્યો... બધાં શેઠનાં પાડોશીઓ અને સગા-વ્હાલા જાદુઇ ઓશિકા માટે પડાપડી કરવાં લાગ્યાં. ધીરે-ધીરે આખી શેરીના લોકોને તે માણસે આ જાદુઇ ઓશીકું બનાવી આપ્યું... બધાંને ઘસઘસાટ ઊંઘ આવવા લાગી! જયારે પૈસાનું પૂછ્યું ત્યારે કહ્યું કે, 'શેઠ લોકો, હું એક મહિના પછી તમારી બધાની પાસે આવીશ. તમે બધાં ભેગા થજો. હું આપની પાસે મારાં મહેનતાણા ની માંગણી કરીશ.' તે માણસ ચાલી નીકળ્યો.

... મહિના બાદ તે આવ્યો. બધાં શેઠ લોકોએ તે માણસનું ફૂલ હારથી સ્વાગત કર્યું. કોઇએ પાણી પાયું, કોઇ ચા અને શરબત લઇ આવ્યા. બધાએ તેની આગતા-સ્વાગતા કરી. તે માણસે બધા/ તમામ શેઠને બોલાવીને મિટિંગ કરી.. બધા એ પૂછ્યું, બોલો ભાઈ, તમારે શું અપેક્ષા છે? તમે કહો તે પૈસા આપીએ. રહેવાનું ઠેકાણું ન હોય તો ઘર બનાવી આપીએ. આપ જે બોલો તે અમો કરી આપવા તૈયાર છીએ. તે માણસે કહ્યું, 'ગમે તે એક ઘરમાંથી મેં બનાવેલું જાદુઇ ઓશીકું મંગાવી આપો. એક શેઠ ઓશીકું લઇ આવ્યા. તે માણસ બોલ્યો, 'હું તમને મારી કહાની કહેવા માંગીશ... હું પણ તમારી જેમ સંપત્તિવાન શેઠ જ છું. મારી પત્નીના કહેવા પ્રમાણે હું મારી માતાને વૃદ્ધાશ્રમ મૂકી આવ્યો હતો તે દિવસથી મારી ઊંઘ હરામ થઇ ગઇ હતી. મારી માતા એ વૃધ્ધાશ્રમમાં અંતિમ શ્વાસ લીધો. ત્યાંના વ્યવસ્થાપકો એ મને ફોન કરીને બોલાવ્યો. મે મારી માતાની અંતિમ વિધિ સંપન્ન કરી. માતાની યાદગીરી રૂપે તેમનો સાડલો મારાં ઘરે લઇ આવ્યો. તે રાત્રે મારાં મોં પર સાડલો વીંટાળીને, માં ને યાદ કરીને ખૂબ જ રડ્યો. તે રાત્રે શું જાદુ થયો કે મને ઘસઘસાટ નીંદર આવી ગઇ! તે રાતથી રોજ હું મારી માતાના સાડલાને પાસે રાખીને સૂવું છું. મને સારી નીંદર આવે છે.'

એકવાર અચાનક રાત્રે મને મારી માં સપનામાં આવી અને બોલી, 'બેટા, તે ભલે મને વૃદ્ધાશ્રમમાં મોકલી. મને કોઇ વાંધો ન હતો. તું તો મારો પેટ જણ્યો હું કાયમ તારું ભલું ઇચ્છું છું. પણ બેટા, .. દુનિયામાં બીજી માં કોઇને કોઇ વૃદ્ધાશ્રમમાં જીવન ગુજારી રહી છે. તેમને ઘરે પાછી લાવ તો મને મોક્ષ થશે બેટા. હું ઊંઘમાંથી સફાળો જાગી ગયો અને મને પ્રેરણા થઇ. હું આસપાસના વિસ્તારમાં ફર્યો અને માહિતી મેળવી કે કોના ઘરની માં વૃદ્ધાશ્રમમાં છે? મે સર્વે કર્યો. હું તમારાં બધાની માતાને મળવા વૃદ્ધાશ્રમમાં ગયો હતો અને વચન આપ્યું હતું કે થોડાક મહિનામાં જ હું તમને તમારા ઘરે આદર સાથે લાવીશ' તે માણસે શેઠનાં ઓશિકાનું કવર કાઢ્યું તો ગાદી અને કવરની વચ્ચે કેટલાક સાડલાના લીરા અને કટકા ગોઠવેલાં હતા. તે માણસ બોલ્યો, 'જે ઘરમાં હું ઓશીકું બનાવવાં ગયો ત્યાં ત્યાં તેમની માતાના સાડલાનાં લીરા લેતો આવ્યો એ આશીકા વચ્ચે ગોઠવી દીધા. તમારી ઊંઘનું રહસ્ય કોઇ જાદુ નથી પણ તમારી માતાઓ નો પ્રેમ છે... મારે કોઇ પૈસા નથી જોઇતા પણ હું જે તમારી માતાને વચન આપીને આવ્યો છું. તે તમે પુરુ કરજો.' આટલું બોલીને માણસ અટકી ગયો! બધેય નીરવ શાંતિ હતી. તમામ શેઠ જનોની આંખોમાં પસ્તાવાના આંસૂ હતા. બધા જ લોકોએ વચન નિભાવ્યું. આજે ઘરે ઘરે માતાની સન્માન ભેર પધરામણી થઇ છે..

સંતોષ પામીને તે માણસ હવે બીજી શેરી અને બીજા ઘરોની મુલાકાતે નીકળ્યા છે. કદાચ એ તમારાં ઘરે પણ આવશે, શું તમે તેનાં માટે બારણું ખોલશો ને ???

**સાંભળ્યું છે ચડ્યો છે મંદિરનાં પગથિયાં**
**પોતાના દુઃખના નિવારણ માટે,**
**તેનાજ માબાપને અનાથ આશ્રમમાં,**
**રડતાં કકળતા પણ જોયાં છે મેં**

## ભાવભરી શ્રધ્ધાંજલિ



જન્મ : તા.૮-૧-૧૯૪૯

સ્વર્ગવાસ : તા.૨૦-૫-૨૦૦૯

# અ.સૌ.દક્ષાબેન કાંતિલાલ શાહ

સુખને છલકાવ્યું નહીં, દુ:ખને દેખાડયું નહીં.
જીવન તમે એવું જીવ્યા ભુલ્યું ભુલાય નહીં,
સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,
વસ્યા છો દૂર છતાં કૃપા આપની વરસતી રહેશે.

**લિ.**

**શ્રી કાંતિલાલ અમૃતલાલ શાહ પરિવાર**

**પ.પૂ.સાધ્વીજી દિવ્યાનંદ મ.સા.**

**પુત્ર :** અમિત **પુત્રવધૂ :** પૂજા **પૌત્ર :** પ્રથમ, અંશ

**પુત્ર :** દિવેશ **પુત્રવધૂ :** કિંજલ

**પુત્રી :** ગીતા **જમાઈ :** મુકેશકુમાર **દોહીત્ર :** સિદ્ધાર્થ

**નણંદ- નણંદોઈ :** સ્વ. કમળાબેન તલકચંદ વસા
સ્વ. મંજુબેન વિઠ્ઠલદાસ દોશી, સ્વ. રંજનબેન છબીલદાસ વસા

**બેન-બનેવી :** આશાબેન ઉપેન્દ્રકુમાર મહેતા, સ્વ.મીનાબેન વિનોદકુમાર શાહ,
સ્વ.ચંદ્રિકબેન રજનીકાંત શાહ, સ્વ.ઈલાબેન રતીલાલ શાહ

**ભત્રીજા :** સ્વ. નિખીલભાઈ **ભત્રીજાવહુ :** જાગૃતિબેન

**પૌત્રી :** વિધી **પૌત્ર :** કરણ

**પિતાશ્રી :** જયંતીલાલ ગિરધરલાલ શાહ

**ભાઈ :** ભીખુભાઈ **ભાભી :** ભારતીબેન

**સ્નેહીજનો તથા સમસ્ત શાહ પરિવાર**

Kayami-May

ચિંતનની પળે

# જિંદગીને જીવવા જેવી બનાવતા આ સાત નિયમો તમને ખબર છે ?

દૂરબીન - કૃષ્ણકાંત ઉનડકટ

## લો ઓફ એટ્રેકશન, લો ઓફ ડિટેચમેન્ટ, લો ઓફ વાઇબ્રેશન, લો ઓફ કર્મા, લો ઓફ એનર્જી, લો ઓફ કોઝ એન્ડ ઇફેકટ અને લો ઓફ વનનેસ આપણી જિંદગીને બહુ મોટી અસર કરે છે !

લાઈફ ઇઝ બ્યૂટીફૂલ. જિંદગી સુદર છે. જિંદગી જીવવા માટે છે. દરેક માણસ જિંદગીને પોતાની રીતે સમજીને જીવતો હોય છે. દરેક પાસે પોતાની જિંદગીનાં કારણો હોય છે. દરેકના પોતાનાં સપના, પોતાની ઇચ્છા અને પોતાની અપેક્ષાઓ હોય છે. જિંદગી જીવતા શીખવાડે એવા કોઇ પાઠ નથી હોતા. જિંદગી જીવતા તો આપણે જ શીખવું પડે છે. જિંદગીની પણ ચોક્કસ પ્રકૃતિ હોય છે. જિંદગી ચાલતી રહે છે. દુનિયામાં કેટલાક નિયમો એવા છે જે આપણી જિંદગીને સીધી અસર કરે છે. આપણી જિંદગીમાં ઘણી વખત એવા બનાવો બને છે જયારે આપણને આપણી જિંદગી, આપણા સંબંધો અને આપણા પોતાના માટે જ સવાલો થાય છે. કયારેક એવા વિચાર પણ આવી જાય છે કે, આવું થોડું હોય? જિંદગીની ફિલોસોફી વિશેખૂબ વાતો થઇ છે. આખરે આપણી જિંદગીને શું અસર કરે છે? એવા સાત નિયમો છે જેને આપણે સમજીએ એ જરૂરી છે. જિંદગીમાં કંઇ જ અકારણ થતું નથી. જે કંઇ થાય છે એની પાછળ કોઇ હેતુ હોય છે. કંઇક મિનિંગ હોય છે. આપણને ઘડીકમાં એ અર્થ સમજાતો નથી. આજે આપણી જિંદગીને સીધી અસર કરતા સાત નિયમોની થોડીક વાત કરવી છે.

**લો ઓફ એટ્રેકશન**

આપણે જેવું વિચારીએ એવું થાય છે. આપણા વિચારોમાં જબરદસ્ત તાકાત હોય છે. આપણે જે ઇચ્છીએ છીએ, આપણે જેના પર ફોકસ કરીએ છીએ અને આપણે જેના માટે પ્રયાસો કરીએ છીએ એ આપણી તરફ ખેંચાય છે. વિચારો પર નજર રાખવાની વાત એટલે જ કરવામાં આવે છે. આપણા વિચારો, આપણું ધ્યાન અને આપણા ઇરાદા એવા હોવા જોઇએ જે આપણને અને આપણી જિંદગીને વધુ સારી બનાવે. સાવ સાદી ભાષામાં વાત કહીએ તો જેવું વિચારશું એવું થશે. આમાં એક સાવધાની રાખવા જેવી છે. જો ખોટું, ખરાબ કે નેગેટિવ વિચારશું તો એવું પણ થવાનું છે. આપણામાં એટલે જ એવી પ્રાર્થના કરવામાં આવે છે કે, ચારે દિશાઓથી અમને શુભ વિચારો પ્રાપ્ત થાવ. દરેક માણસે ચેક કરતા રહેવું પડે છે કે, મારા વિચારો અને મારા ઇરાદા સારા તો છેને? આપણા વિચારોથી ચોક્કસ પ્રકારનાં વાઇબ્રેશન ક્રિએટ થાય છે અને એ આપણને સારાં અથવા ખરાબ પરિણામો સુધી લઇ જાય છે.

**લો ઓફ ડિટેચમેન્ટ**

આપણી જિંદગીમાં ઘણી વખત એવું બને છે કે, આપણે જેને ઇચ્છતા હોઇએ, જેના માટે આપણને પ્રેમ હોય, જેની આપણને જરૂર હોય એ લોકો આપણાથી દૂર ચાલ્યા જાય છે. એવું થાય તો પણ ચિંતા ન કરવી. કેટલાક લોકો આપણાથી ડિટેચ થવા માટે એટેચ થયા હોય છે. જતા હોય અથવા ગયા હોય એને જવા દેવાના! એને રોકવાનો કે એની પાછળ દોડવાનો કોઇ અર્થ નથી હોતો. લો ઓફ ડિટેચમેન્ટ એવું પણ કહે છે કે, જે જગ્યા ખાલી થશે એ કોઇ સારી વ્યક્તિથી ભરાવાની હશે. આપણે ઘણી વખત કોઇ આપણી જિંદગીથી દૂર જાય ત્યારે દુ:ખી થતા હોઇએ છીએ. કોઇ દૂર જાય એમાં પણ કુદરતનો કોઇ સંકેત હોય છે. જે કંઇ દૂર જતું હોય એને જવા દો, ત્યારે જ કંઇક વધુ સારું, ઉમદા અને શ્રેષ્ઠ આવશે.

**લો ઓફ વાઇબ્રેશન**

આપણા વ્યક્તિત્વનો એક ચોક્કસ પ્રભાવ હોય છે. દરેકનાં પોતાનાં વાઇબ્રેશન હોય છે. પોતાની ફ્રીકવન્સી હોય છે, પોતાની ઓરા હાયે છે. આપણે જેવા હોઇએ એવું જ આપણી સાથે થવાનું છે અને આપણે હોઇએ એવા લોકો જ આપણને મળવાના છે. પોઝિટિવ રહેવાનું એટલે જ કહેવામાં આવે છે. દોસ્તો અને સંબંધો આપણે જેવા હોઇએ એવા જ આપણને મળે છે. આપણે ઘણી વખત લાઇક માઇન્ડેડ લોકોની વાત કરતા હોઇએ છીએ. સંબંધોનાં સર્કલો એમ જ નથી બનતાં. એકસરખા વાઇબ્રેશનવાળા લોકો આપોઆપ નજીક આવી જાય છે. આપણે સારા હોઇએ તો સારા લોકો આપોઆપ આપણી નજીક આવવાના છે. ખરાબ સાથે પણ એવું જ થાય છે. તમે માર્ક કરજો, અમુક લોકોની ટોળી એના જેવી જ હશે. એની સાથે જ એને ફાવે! સાચું કે નહીં?

**લૉ ઑફ કર્મા**

કર્મનો સીધો હિસાબ છે કે, જેવું કરશો એવું પામશો. માણસ યુનિવર્સને જે આપે છે એ જ તેને મળે છે. આપણે આમ તો પહેલેથી એવું કહેતા અને સાંભળતા આવ્યા છીએ કે, વાવીએ એવું લણીએ. બાવળ વાવીએ તો કેરી ન ઊગે. ગીતામાં એવું કહેવાયું છે કે, તું કર્મ કર અને ફળની ચિંતા ન કર. એનો અર્થ પણ એ જ થાય છે કે, ફળ તો મળવાનું જ છે. એની ચિંતા કરવાનો સવાલ જ નથી. હા, જેવું કરશું એવું જ ફળ મળવાનું છે એ વાત કયારેય ભૂલવી ન જોઇએ. મતલબ, દરેક વ્યક્તિએ એ પોતે શું કરે છે એનો ખયાલ રાખવો જોઇએ. આપીશું એવું જ પાછું આવવાનું છે.

**લૉ ઑફ એનર્જી**

દરેક માણસમાં ચોક્કસ પ્રકારની શક્તિ હોય છે. એ મુજબના જ એમના વિચાર હોય છે. આપણી એનર્જી જ આપણને ચોક્કસ પ્રકારનાં કામ કરવા પ્રેરે છે. ઘણા લોકો પોતાની શક્તિ, પોતાની એનર્જી અને પોતાની ક્ષમતાને ઓળખતા નથી. આપણા પ્લસ અને માઇનસ પોઇન્ટસની આપણને ખબર હોવી જોઇએ. આપણે આપણી એનર્જી શેની પાછળ વાપરીએ છીએ તેના આધારે પણ આપણી કેરિયર અને આપણું ભવિષ્ય નક્કી થતું હોય છે. કોઇ માણસ એવો નથી હોતો જેનામાં કશુંક યુનિક ન હોય. બધા એ શોધી નથી શકતા એ વાત જુદી છે. જેને પોતાની એનર્જીને યોગ્ય રીતે વાપરતા આવડે છે એ દરેક મુશ્કેલીઓનો સામનો કરી શકે છે.

**લૉ ઑફ કોઝ એન્ડ ઇફેક્ટ**

આપણે જે કંઇ કરીએ છીએ તેની પાછળ કોઇ તત્ત્વ કામ કરતું હોય છે. આપણે ભલે કરવા ખાતર કંઇ કરતા હોઇએ, પણ તેની પાછળ પણ કોઇ કારણ હોય છે. આપણા એકશનનું રિએકશન પણ હોય છે. આપણે જે કરીએ છીએ એ સરવાળે તો આપણે કેવા છીએ એ જ છતું કરે છે. આપણે અમુક કામ કયારેય નહીં જ કરીએ. આપણી જાત આપણને રોકે છે. આપણે જે કંઇ કરીએ છીએ એની સારી કે નરસી અસર પણ આવવાની જ છે. આપણે શું કરવું છે એના વિશે જેટલી સ્પષ્ટતા હોય એટલી જ સમજ એ પણ હોવી જોઇએ કે શું નથી કરવું. જે કરીએ એનાં પરિણામો ભોગવવાં પડે છે. સમગ્ર સૃષ્ટિ ચોક્કસ રીતે કામ કરે છે. આપણે પણ સૃષ્ટિનો જ એક હિસ્સો છીએ એ વાત ભૂલવી ન જોઇએ.

**લૉ ઑફ વનનેસ**

દુનિયાની દરેક વ્યક્તિ એકબીજા સાથે અલૌકિક રીતે જોડાયેલી હોય છે. કોઇ આપણી નજીક આવે છે અને તેની સાથે આપણું વળગણ વધે છે. એ જયાં સુધી ન મળી હોય ત્યાં સુધી દૂર ભલે હોય, પણ એ આપણી સાથે જોડાયેલી તો હતી જ! કોઇ કયારે મળે અને કોની સાથે કયારે લાગણીના તાર ઝણઝણે એ નક્કી હોતું નથી. માત્ર વ્યક્તિ જ નહીં, પ્રકૃતિનાં તમામ તત્ત્વો સાથે પણ આપણે જોડાયેલા હોઇએ છીએ. આપણાં શાસ્ત્રોમાં કહેવાયું છે કે, યથા પિંડે તથા બ્રહ્માંડે. જે આપણા શરીરમાં છે એ જ બ્રહ્માંડમાં છે અને જે બ્રહ્માંડમાં છે એ જ આપણા શરીરમાં છે. પંચમહાભૂતની તો બધાને ખબર જ છે.

આ બધાને આપણા વિચારો સાથે સીધો નાતો છે. જિંદગીને સારી રીતે જીવવા માટે સૌથી વધુ જરૂરી એ છે કે, વિચારોને ઉચ્ચ રાખો. આપણે જેવા વિચાર કરીએ એવા જ આપણે બની જઇએ છીએ. આપણા વિચારો, આપણી પ્રકૃતિ અને આપણાં વાઇબ્રેશન પોઝિટિવ અને એનર્જેટિક હોવાં જોઇએ. જીવવાનો ખરો અર્થ ધબકતા રહેવું છે. બાકી માત્ર શ્વાસ લેતા હોય એવા લોકોનો પણ તોટો નથી. આપણી લાઇફ આપણા હાથમાં હોય છે. એને કઇ દિશામાં લઇ જવી એ આપણે જ નક્કી કરવાનું હોય છે.

- (સૌજન્યઃ સંદેશ)

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંક ખાતામાં જમા કરશોજી.**

Name : **Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal.**

Banker : **Bank of India**

Bullion Exchange Branch : **Mumbai**

A/c. No. : **000810100006108**

IFCI Code : **BKID0000008**

80/G : AACTS 1446 GF 20214 dt. 28-05-21

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ નં. ૯૮૩૩૫૦૦૫૦૮ માં વોટસએપ ઉપર મોકલી આપવા વિનંતી.

## નમ્ર નિવેદન

સમાજનાં મુખપત્ર માં સંસ્થા સમાચાર, જાહેરાત તથા શ્રધ્ધાંજલી દર મહિનાની ૧૦ તારીખ સુધીમાં મોકલવા નમ્ર વિનંતી.

શ્રધ્ધાંજલી જાહેરાત તથા સૌજન્ય દાતાનાં પાનામાં ફેરફાર કરવાનો હોય તેઓએ સુધારો વ્યવસ્થિત રીતે મોકલવાનો રહેશે.

આપણાં મુખપત્રમાં જેઓ મેમ્બર હતાં અને અત્યારે હયાત ન હોય તો તેમની આજીવન સભ્ય મેમ્બરશીપ અને મુખપત્રનું આજીવન મેમ્બરશીપ ઓટોમેટીક કેન્સલ થઇ જાય છે. તો તેમના ફેમેલી મેમ્બર્સ આજીવન સભ્ય ફી રૂા.૧૦૧ તથા આજીવન મુખપત્રની મેમ્બરશીપ રૂા.૨૭૦૦/- ભરી મેમ્બર થઇ જશો તેવી નમ્ર વિનંતી છે.



Scanned with OKEN Scanner

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ ના આદરણીય વડીલો, ભાઈઓ તથા બહેનો,

પ્રણામ, જય જિનેન્દ્ર

આપ સર્વે કુટુંબીજનો સુખ શાતામાં હશો.

આપણા સમાજનું બંધારણ વી.સં.૨૦૨૬, આસો સુદ ત્રીજ ને શનિવાર (તારીખઃ ૦૩-૧૦-૧૯૭૦) ના દિવસે શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈ ના સભ્યોએ બનાવેલું હતું. આ બંધારણ આજથી લગભગ ૫૫ વર્ષ પહેલા તે સમયને અનુરૂપ અને જરૂરિયાત પ્રમાણે આપણા પૂજ્ય વડીલોએ બનાવ્યું હતું. જે વડીલોની હયાતીમાં આ બંધારણ બનેલું હતું તેમાંના ઘણા વડીલો અત્યારે હયાત નથી અને જૂજ વડીલો અત્યારે હયાત છે. આ બધા વડીલોને અંતરથી નમન.

અત્યારના સમયમાં આ બંધારણમાં ફેરફાર કરવો જરૂરી છે અને તે માટે સમાજની કારોબારી મિટીંગ માં આ બાબતે ચર્ચા કરેલી હતી અને કારોબારી સમિતિએ આ બાબતે સંમતિ આપી છે અને બંધારણમાં ફેરફાર કરવા માટે સમાજની જે કાયદાકિય કમિટી છે તે આ બાબતે ઘટતું કરશે.

અત્યારના સમય મુજબ બંધારણ માં અમુક ફેરફાર કરવા જરૂરી છે અને ચેની માટે આપ તમામ મેમ્બર્સ ને જયાં જયાં ફેરફાર કરવા જરૂરી લાગે અને નવા સુધારાઓ કે નવા રીત રિવાજો ગતિમાન કરવાની જરૂર લાગે તે વિષયક આપના અભિપ્રાય, મંતવ્યો, સૂચનો સહર્ષ આવકાર્ય ગણાશે અને જયાં જરૂર પડશે ત્યાં પ્રોફેશનલ એક્સપર્ટના સલાહ સૂચન લેવામાં આવશે.

સમાજ ના દરેક વ્યક્તિઓની જાણ માટે આપણાં સમાજનું ૧૯૭૦ નું ત્રણ પાનાનું બંધારણ આપણાં સમાજના ૧૯૯૫ ના વસ્તી પત્રક માં છપાયેલું છે અને તે ત્રણ પાનાં સ્કેન કરીને સમાજના મુખપત્ર મે-૨૦૨૫ ના અંક માં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

આપ આપના અભિપ્રાય / મંતવ્યો તા.:૧૫-૦૭-૨૦૨૫ સુધીમાં કાયદાકીય કમિટીના કન્વીનર શ્રી ધીરેનભાઈ વસા મો.: ૯૮૨૦૦૧૨૪૫૪ તેમજ સમાજના ઇમેઇલ મારફતે પણ મોકલી શકશો. (Email: svjainsamajmumbai2@gmail.com)

**શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા (પ્રમુખ સેવક)**

**કાયદાકીય કમિટીઃ**

**શ્રી ધીરેનભાઈ ડી. વસા (કન્વીનર)**

**શ્રી પ્રવીણચંદ્ર સી. વોરા** **શ્રી અરૂણભાઈ એમ. વોરા** **શ્રી યોગેશભાઈ વી. વોરા**



Scanned with OKEN Scanner

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ – મુંબઇ
## બંધારણ

**સ્થાપના :-**

સંવત ૨૦૨૬ના આસો સુદ ૩ને શનિવાર તા. ૩-૧૦-૧૯૭૦.

**નામ :-**

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ, મુંબઇ.

**ઉદ્દેશ :-**

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજના ભાઇ-બહેનોમાં એકત્વની ભાવના, સંગઠન અને ધાર્મિક ઉન્નત્તિના કાર્યો કરવા; તે માટે યોજનાઓ હાથ ધરવી; અને અમલમાં મૂકવી તેમજ અન્યત્ર વસતાં ભાઇ-બહેનોને તેનો શક્ય લાભ આપવો.

**સભ્યપદ :-**

બૃહદ્ મુંબઇ અને પરાઓમાં - વિરાર તથા અંબરનાથ (જીલ્લો-થાણા) સુધીમાં રહેનાર શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન જ્ઞાતિની ૧૮ (અઢાર) વર્ષ ઉપરની કોઇપણ વ્યક્તિ, સંસ્થાના બંધારણને આધીન, તેના નક્કી થએલ લવાજમ ભર્યેથી, સભ્ય થઇ શકશે.

**વર્ષ :-**

તારીખ ૧લી એપ્રિલથી ૩૧મી માર્ચ સુધી સંસ્થાનું લવાજમ રહેશે.

**લવાજમ :-**

સભ્યપદનું વાર્ષિક લવાજમ રૂા. ૧૧ અને આજીવન સભ્યપદ લવાજમ રૂા. ૧૦૧ રહેશે.

**મતાધિકાર :-**

સભામાં હાજર રહેલ દરેક સભ્યને મત આપવાનો અધિકાર રહેશે. પરંતુ જે સભ્ય પાસે બે વર્ષથી વધુ સમય માટે સંસ્થાનું લવાજમ અથવા બીજું કાંઇ લહેણું બાકી રહેતું હશે, તે સભ્ય તરીકે આપોઆપ બંધ થશે. સભામાં બન્ને બાજુએ સરખા મત પડે ત્યારે પ્રમુખશ્રીને વધારાનો નિર્ણયાત્મક મત આપવાનો અધિકાર રહેશે.

**કારોબારી સમિતિ :-**

દર બે વર્ષે, ચૂંટણી અંગેની સામાન્ય સભામાં હાજર રહેલા સભ્યોમાંથી કારોબારી સમિતિ માટે ૧૫ (પંદર) સભ્યોની ચૂંટણી થશે. પરંતુ કોઇપણ સભ્યની માંગણી આવ્યેથી ચૂંટણી બૅલેટ પદ્ધતિથી કરવામાં આવશે. આ પ્રમાણે ચૂંટાયેલ ૧૫ (પંદર) સભ્યોની કારોબારી સમિતિની પ્રથમ બેઠકમાં સમાજ માટેના એક પ્રમુખ, એક ઉપપ્રમુખ, એક ખજાનચી તથા બે માનદ્ મંત્રીઓની ચૂંટણી થશે.

સમાજના Immediate past President ને કારોબારી સમિતિના એક્સ-ઑફિસીઓ મેમ્બર ગણવા.

**કારોબારી સમિતિની સત્તા અને ફરજો :-**

કારોબારી સમિતિ બે સભ્યોને કૉ-ઓપ્ટ કરી શકશે. કારોબારી સમિતિનો કોઇ પણ સભ્ય જાણ કર્યા સિવાય, સમિતિની એકી સાથે ત્રણ મીટીંગમાં ગેરહાજર રહેશે, તો તે કારોબારી સમિતિના સભ્ય તરીકે આપોઆપ બંધ થએલ ગણાશે. તથા તેની ખાલી પડેલી જગ્યા બાકીના સમય પૂરતી, કારોબારી સમિતિ પૂરી શકશે.

સંસ્થાના સર્વ પ્રકારના વહીવટની તેમજ શરતી રકમો સ્વીકારવાની તેમજ સંસ્થાના ઉદ્દેશને બર આવે તેવા ઉત્કર્ષના સર્વદેશીય પગલાં લેવાની બધી સત્તા કારોબારી સમિતિને રહેશે.

કારોબારી સમિતિ ચાલુ ખર્ચ ઉપરાંત રૂા. ૫૦૦/ સુધી ખર્ચ કરી શકશે. જરૂરિયાત મુજબ પેટા સમિતિઓની નિમણૂંક કરશે અને તેમાં પોતાના સભ્યો તથા બહારની માર્ગદર્શક થઇ શકે તેવી વ્યક્તિઓનો પણ સમાવેશ કરી શકશે. પેટાસમિતિ કારોબારી સમિતિને જવાબદાર રહેશે.

સમાજનો કોઇ પણ હોદ્દેદાર રાજીનામું આપે અને તે કારોબારી સમિતિમાં પસાર થાય તો તે રીતે ખાલી પડેલી જગ્યા માટે કારોબારી સમિતિના સભ્યોમાંથી જ તે જગ્યા માટે ચૂંટણી કરવાની રહેશે.



Scanned with OKEN Scanner

ચૂંટણી અંગેની સામાન્ય સભામાં ચૂંટાયેલ ૧૫ (પંદર) સભ્યોની કારોબારી સમિતિની પ્રથમ બેઠકમાં સમાજના હોદ્દેદારો ચૂંટાશે તેમજ સાથોસાથ **"શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટ"** ના પાંચ (૫) ટ્રસ્ટીઓની નિમણુંક પણ કારોબારી સમિતિની આ મીટીંગમાં થશે. ટ્રસ્ટના બે (૨) વધુ ટ્રસ્ટીઓની નિમણુંક, કારોબારી સમિતિના સભ્ય ન હોય, પણ શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઇના સભ્ય હોય તેવી વ્યક્તિઓમાંથી કરી શકશે ને તે માટે કારોબારી સમિતિના હાજર રહેલ સભ્યોમાંથી ૨/૩ બહુમતિની જરૂર રહેશે.

**પ્રમુખની સત્તા અને ફરજો :-**

(૧) સંસ્થાની દરેક સભામાં પ્રમુખસ્થાન લેશે.

(૨) સમાજના કાર્યો પર દેખરેખ રાખવાની તેમજ તેના લાભો અને હક્કોને કોઇપણ જાતનું નુકશાન થતું અટકાવવાને યોગ્ય ઉપાયો લેવાને અને સમાજની દરેક બાબત માટે સમાજના બંધારણ અનુસાર યોગ્ય કરવાની સત્તા પ્રમુખને રહેશે.

(૩) કોઇપણ સભામાં બન્ને બાજુ સરખા મત પડે ત્યારે પ્રમુખશ્રી વધારાનો નિર્ણયાત્મક મત આપી શકશે.

(૪) કારોબારી સમિતિની તથા સામાન્ય સભાની મીટીંગો પ્રમુખશ્રીની સંમતિથી મંત્રીશ્રીઓ બોલાવશે.

(૫) કોઇ પણ સભામાં કોઇ પણ સભ્યની વર્તણુંક અસભ્ય અથવા શિસ્ત વિરુદ્ધ જણાશે તો તેવા સભ્યને સભાસ્થાન છોડી જવાનો હુકમ કરવાની સત્તા પ્રમુખશ્રીને રહેશે. અને તે નિર્ણય કાયદેસર રીતે બંધનકર્તા રહેશે.

**ઉપ-પ્રમુખની સત્તા અને ફરજો:-**

પ્રમુખશ્રીની ગેરહાજરીમાં પ્રમુખશ્રીની બધી સત્તા અને ફરજો, ઉપ-પ્રમુખ સંભાળશે. ધોરણસર બોલાવવામાં આવેલી કોઇપણ સભામાં પ્રમુખશ્રી તથા ઉપ-પ્રમુખશ્રીની ગેરહાજરીમાં હાજર રહેલ સભ્યો, પોતામાંથી પ્રમુખ (સભાપતિ) ચૂંટી કાર્યવાહી કરશે અને તે કાયદેસર ગણાશે.

**મંત્રીઓની સત્તા અને ફરજો :-**

(૧) સંસ્થા વતી પત્રવ્યવહાર કરશે, મિનિટ-બૂક રાખશે, સામાન્ય સભા તથા કારોબારી સમિતિના આદેશ મુજબ સંસ્થાનું કાર્ય કરશે. નિયમોને આધીન રહી સંસ્થાના સર્વ પ્રકારના વહીવટની જવાબદારી તેમની રહેશે, સંસ્થાના ધ્યેય મુજબ ઉત્કર્ષ માટે યોજનાઓ ઘડી કારોબારી સમિતિમાં રજૂ કરશે, ઓડિટ થએલ હિસાબો વર્ષને અંતે કારોબારી સમિતિમાં મંજૂર કરાવી, સામાન્ય સભા સમક્ષ મંજૂરી માટે રજૂ કરશે.

(૨) સંસ્થાના ચાલુ ખર્ચ ઉપરાંત રૂા. ૧૦૦/- સુધી ખર્ચ કરી શકશે.

(૩) સભ્યોના નામ - ઠેકાણાની પાકી યાદી રાખશે. સંસ્થાના રેકોર્ડ તથા સામાનની સંભાળ રાખશે. સંસ્થાનું લવાજમ - ભરણું વગેરે વસૂલ કરવાની વ્યવસ્થા કરશે તેમજ તે અંગેની રસીદ આપશે.

**ખજાનચીની સત્તા અને ફરજો :-**

(૧) વાઉચર્સ સાથે સંસ્થાનો હિસાબ રાખશે. નાણાંની લેવડદેવડ કરશે. હિસાબો અંગેની જવાબદારી ખજાનચીની રહેશે.

(૨) બંધારણ મુજબ બેન્કમાં ખાતું ખોલાવશે. કારોબારી સમિતિના ઠરાવ મુજબ ફીક્ષ ડીપોઝીટ અથવા સદ્ધર જામીનગીરીઓમાં સંસ્થાના નાણાં રોકશે તથા તેની રસીદો અને હિસાબો રાખશે.

(૩) વર્ષ પૂરું થયે હિસાબો ઑડિટ કરાવી, મંત્રીઓ મારફત કારોબારી સમિતિ સમક્ષ રજૂ કરશે.

(૪) સંસ્થાના કાર્યો અંગે વધુમાં વધુ રૂા. ૫૦૦/ રોકડા રાખી શકશે. તેથી વધારાની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવશે.

**નાણાંકીય વ્યવસ્થા :-**

મુંબઇની કોઇપણ સદ્ધર બેંકમાં સંસ્થાના નામનું ખાતું ખોલાવશે અથવા પ્રમુખ, ખજાનચી અને મંત્રીઓના નામથી ખાતું ખોલાવશે.

પ્રમુખ ખજાનચી અને બેમાંથી કોઇ એક મંત્રીની જોઇન્ટ સહીથી બેન્કનો વહીવટ કરશે. તેમજ કારોબારી



Scanned with OKEN Scanner

સમિતિના ઠરાવ મુજબ, ફીક્સ ડિપોઝીટ તથા અન્ય સદ્ધર જામીનગીરીઓમાં નાણાંનું રોકાણ કરશે. સંસ્થાના બંધારણ મુજબના વહીવટની તમામ જવાબદારી સંસ્થાની રહેશે અને સભ્યોની તે રીતે બિલકુલ જવાબદારી રહેશે નહીં.

**કારોબારી સમિતિની સભા :-**

(૧) કોરમ ૭ (સાત) સભ્યોનુ રહેશે. કોરમના અભાવે મુલતવી રહેલી સભા ફરીથી બોલાવવામાં આવે ત્યારે કોરમનો બાધ રહેશે નહીં અને તેમાં માત્ર મુલતવી રહેલ સભાના એજન્ડા પૂરતું જ કાર્ય થઇ શકશે અને તે કાયદેસર ગણાશે.

(૨) વર્ષમાં ઓછામાં ઓછી ત્રણ સભા મળશે.

(૩) સભાનું કામકાજ બહુમતિથી ચાલશે.

(૪) સભા બોલાવવાની ખબર સામાન્ય રીતે પરિપત્રથી ત્રણ દિવસથી પહેલાં આપવામાં આવશે. પરંતુ કારણસર આવી સભા તાત્કાલિક ખબર આપી બોલાવી શકાશે.

**સામાન્ય સભા :-**

(૧) સંસ્થાના બંધારણ મુજબ નિર્ણય આપવાની આખરી સત્તા આ સભાને રહેશે.

(૨) વર્ષમાં ઓછામાં ઓછી એક વખત બોલાવવામાં આવશે. પરંતુ કોઇ પણ બે સભા વચ્ચે પંદર માસથી વધુ સમય રહેશે નહિ. દરેક સભામાં અગાઉની સભાની મિનિટ્સ વંચાશે. ત્યારબાદ સંસ્થાની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કરવામાં આવશે.

(૩) સભાનું કોરમ ૫૧ (એકાવન) સભ્યોનું રહેશે. કોરમના અભાવે મુલતવી રહેલ સભા, અગાઉ જાહેર કરેલ હશે તો, ઓછામાં ઓછા અર્ધા કલાક બાદ બોલાવી શકાશે અને ત્યારે કોરમનો બાધ રહેશે નહિ. પરંતુ તેવી સભામાં મુલતવી રહેલ સભાના એજન્ડા મુજબ કામકાજ થઇ શકશે અને તે કાયદેસર ગણાશે.

(૪) વર્ષ પૂર્ણ થયે, વધુ છ માસની અંદર ઑડિટ થયેલ હિસાબો તથા અહેવાલ મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

(૫) સામાન્ય સભાની ખબર પરિપત્ર દ્વારા, ઓછામાં ઓછા સાત દિવસ અગાઉ આપવામાં આવશે. પરંતુ અસાધારણ સભા, ચાર દિવસ અગાઉ ખબર આપી બોલાવી શકાશે.

(૬) સામાન્ય સભાની ખાસ સભા, ઓછામાં ઓછા ૪૧ (એકતાળીસ) સભ્યોની સહીવાળું, લેખિત માંગણીપત્ર આવ્યેથી, તેમાં જણાવેલ કામકાજ માટે પંદર દિવસમાં પ્રમુખ અથવા મંત્રીઓ બોલાવશે. પ્રમુખ અથવા મંત્રીઓ આ સમયમાં આવી સભા ન બોલાવે તો માંગણીપત્ર રજૂ કરનારાઓ તે પછી, દરેક સભ્યને ઉપરોક્ત માંગણીપત્રની નકલ પરિપત્રથી મોકલી નિયમ મુજબ સભા બોલાવી શકશે. પરંતુ તે સભામાં કોરમ અનિવાર્ય રહેશે અને ત્યારે જ તે સભા કાયદેસર ગણાશે.

**સામાન્ય નિયમો :-**

(૧) કોઇપણ સભ્ય સંસ્થાને હાનિકારક કાર્ય કરે અથવા બંધારણ વિરુદ્ધ વર્તન કરે તો તેની પાસેથી કારોબારી સમિતિ ખુલાસો માંગશે. તેને રૂબરૂ સાંભળશે અથવા તે અંગે યોગ્ય કાર્યવાહી કરશે.

(૨) બંધારણમાં ફેરફાર કરવા માટે સામાન્ય સભામાંથી હાજર રહેલ સભ્યોના ૩/૪ ભાગના મતની જરૂર રહેશે અને આ અંગેનો વિગતવાર પરિપત્ર દરેક સભ્યને નિયમ મુજબ મોકલાવવો જોઇએ.

(૩) ચૂંટણી અંગેની સામાન્ય સભા દર બે વર્ષે, ઓડિટર્સની નિમણુંક તથા તેનું મહેનતાણું નક્કી કરશે. ઓડિટર્સ કારોબારી સમિતિના સભ્ય થઇ શકશે નહીં.

(૪) દરેક સભાનું કામકાજ બહુમતિના ધોરણે ચાલશે.

(૫) સંસ્થાના ચાલુ નિયમો, બંધારણ તથા તેના સુધારા-વધારા દરેક સભ્યને બંધનકર્તા રહેશે.

(૬) સંસ્થાના કામકાજ દરમ્યાન ઊભી થતી કોઇપણ કાયદેસર જવાબદારી ખર્ચ-સંસ્થાએ ઉપાડવાનો રહેશે અને કાર્યકરો તે અંગે વ્યક્તિગત રીતે જવાબદાર રહેશે નહીં.



Scanned with OKEN Scanner



## શ્રદ્ધાંજલિના સુમન

## ૭૧મી પુણ્યતિથિએ

## સ્વ. ભગવાનજી ઝીણાભાઈ મહેતા

**સ્વર્ગવાસ : વૈશાખ સુદ-૧૧ ગુરૂવાર તા.૧૩-૫-૧૯૫૪**

પૂજ્ય પિતાશ્રી આપ અમારી સાથે નથી, પરંતુ આપની વ્હાલસોયી યાદોનો અખુટ ભંડાર અમારા હૃદયમાં ધબક્યા કરે છે. આપનું સિંહ સમુ વ્યક્તિત્વ, સદા હસતો ચહેરો, બધાને મદદરૂપ થવાની ભાવના, ઉદારતા, નીડરતા ને આપના પ્રેમભર્યા સાન્નિધ્યમાં અનુભવી હતી.

એ હૂંફ, એ ઉષ્મા... આપની સાથે વિતાવ્યો હતો
એ સમય... એ જીંદગી.... એ બધું અકબંધ રહું છે...
બસ કાંઈક ખૂટે છે તો એ છે તમારૂં સાન્નિધ્ય, તમારો એ સાદ,
તમારો એ વ્હાલ.....
આપ જ્યાં હો ત્યાંથી હંમેશા વરસાવતા રહેજો અમોને આશીર્વાદ.
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે તે જ પ્રાર્થના....

**:: અહર્નિશ વંદન ::**

| | | |
|---|---|---|
| પુત્ર તથા પુત્રવધુ | : | વિનોદ-નયના |
| પૌત્ર-પૌત્રવધૂ | : | આશિષ-ચાંદની |
| પૌત્રી-જમાઈ | : | સોનલ-વિશાલ |
| પ્રપૌત્રી-પ્રપૌત્ર | : | વિયોના, માહિત |
| દોહિત્ર | : | ક્રિશ |
| પુત્ર-પુત્રવધૂ | : | સુરેશ-જયશ્રી |
| પૌત્ર-પૌત્રવધૂ | : | ભાવીન-કિંજલ |
| પૌત્ર-પૌત્રવધૂ | : | જીમીત-કૃપા |
| પ્રપૌત્ર-પ્રપૌત્રી | : | રિયાન-પવિત-વિયા |
| બહેન | : | પુષ્પાબેન નવનીતલાલ વસા |

**તથા સમસ્ત મહેતા પરિવારના સર્વેની ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી**

Kayami-May

# AI ના ઉપયોગથી શિક્ષણમાં થતા ફાયદા અને ગેરફાયદા

- ડૉ.અશોક પટેલ (વાસણા-અમદાવાદ)

AI એ શિક્ષણમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ, આચાર્ય અને વહીવટકર્તાઓ માટે એક નવી દુનિયા ખોલી છે. AI મહાશક્તિશાળી છે. AI એટલે કે કૃત્રિમ બુદ્ધિમતતા. તેનો ઉપયોગ અને વિકાસ વધતા જ રહેશે, ત્યારે શિક્ષણમાં તેના ફાયદા અને ગેરફાયદા સમજવા જરૂરી છે. એક સંશોધન ચોંકાવનારું છે કે, આજે AI નો નિયમિત ઉપયોગ કરવામાં ૨૭ ટકા વિદ્યાર્થીઓ છે અને શિક્ષકો માત્ર ૯ ટકા જ છે.

AI સર્જનાત્મકતાને ખીલવે છે. AI ના ઉપયોગથી વિદ્યાર્થીઓની વ્યક્તિગત ભિન્નતાની સમસ્યા રહેતી નથી. વિદ્યાર્થી પોતે પોતાની શક્તિ મુજબ શીખવાની સામગ્રી તૈયાર કરી શકે છે. સાથે AI વિદ્યાર્થીએ કરેલા કાર્યના પરિણામની જાણ તો કરે જ છે પણ પરિણામને આધારે કાર્યની નીતિરીતિ બદલવા માટે સમજ પણ આપે છે.

આમ AI વિદ્યાર્થીને અભ્યાસમાં મદદની સાથે પ્રોત્સાહન આપે છે વિદ્યાર્થી ના કાર્યનું મૂલ્યાંકન કરવા માટે વિવિધ ડેટા એકત્ર કરવા, ડેટાનું વિશ્લેષણ કરવું અને તેનો સારાંશ જણાવે છે. જેથી વિદ્યાર્થીને જાતે જ, તરત જ ખ્યાલ આવી જાય છે કે તે કયાં છે અને હવે તેણે શું કેવી રીતે કરવાનું છે. આ બાબત વાલી અને શિક્ષકોને પણ મદદરૂપ થાય છે.

શિક્ષકો અને વિદ્યાર્થીઓને વિવિધ ડિજિટલ સામગ્રી બનાવવામાં પણ AI ઉપયોગી થાય છે. શિક્ષકોને પાઠ આયોજન, પ્રવૃત્તિઓ નક્કી કરવામાં, મૂલ્યાંકન, ચિત્રો, ઓડિયો, વીડિયો એનિમેશન, પ્રેઝન્ટેશન વગેરે બનાવવામાં AI ખૂબ જ મદદરૂપ થાય છે. એટલું જ નહિ ટેકસ્ટ-ટુ-સ્પીચ, વિઝયુઅલ રેકગ્નિશન વગેરે માટે ઉપયોગી છે. વર્ગખંડમાં શિક્ષણને વિદ્યાર્થીભોગ્ય અને રસમય બનાવવા માટે ઇ પ્લેટફોર્મનો ઉપયોગ કરી શકે. AI દ્વારા વિદ્યાર્થીઓની વ્યક્તિગત ભિન્નતાને ધ્યાનમાં રાખી શિક્ષક પાઠ આયોજન અને પ્રવૃત્તિઓ નક્કી કરીને વર્ગમાં ઉપયોગી કરી શકે છે. અમૂર્ત અને જટીલ ખ્યાલોને વધુ સમજી શકાય તેમ બનાવી શકે છે.

AI નો ઉપયોગ વહીવટી કાર્ય માટે પણ કરી શકાય. જેમ કે, સમયપત્રક, વિદ્યાર્થીઓને વિવિધ ડેટાનો સંગ્રહ, વિશ્લેષણ કરી શકાય. AI દ્વારા વહીવટી કાર્ય કરવાથી શિક્ષકનો સમય ખૂબ જ બચાવી શકાય. આ બચેલા સમયમાં શિક્ષક અન્ય શૈક્ષણિક કાર્ય કરી શકે. આમ પણ ટેકનોલોજી વિદ્યાર્થીઓમાં રસ પેદા કરીને આકર્ષી શકવામાં સક્ષમ છે, ત્યારે ટેકનોલોજીથી વર્ગમાં શૈક્ષણિક કાર્યને રસમય અને વધુ ફળદાયી બનાવી શકાય.

AI ના ઉપયોગથી ફાયદાની સામે ગેરફાયદા પણ છે. જેમકે, AI નો ઉપયોગ વિદ્યાર્થી, શિક્ષક અને શાળાની ગોપનીયતા અને સુરક્ષા માટે ખતરો પેદા કરી શકે. કારણકે, ડેટા પર વ્યક્તિનું કોઇ નિયંત્રણ નહિ હોય. જેથી વિદ્યાર્થી કે શિક્ષકના ડેટા કે ખાનગી માહિતી જે સંવેદનશીલ પણ હોઇ શકે. આ બધી બાબતોનો ઉપયોગ નકારાત્મક રીતે થવાની સંભાવના છે. AI દ્વારા મળતી માહિતી સાચી જ છે એમ માનવાનું કોઇ કારણ નથી. કારણ કે AI ને અગાઉથી જે ડેટા આપેલા હશે તે ડેટાને આધારે માહિતી આપશે. જે ખોટી, અવિશ્વસનીય કે નકારાત્મક પણ હોઇ શકે.

AI માં ડેટાનો સંગ્રહ કરવામાં આવે ત્યારે ભાષાકીય કે અન્ય ખોટી માહિતી હશે તો વિદ્યાર્થી ખોટું શીખશે અને શિક્ષક ખોટું શીખવશે. ઉપરાંત AI એ કોઇ લેખકની રચનાની કોપી કરેલી હશે અને એ જ બાબત જો કોઇ વિદ્યાર્થી કે શિક્ષક કોપી કરશે તો કોપી રાઇટનો ગુનો બની શકે છે.

વિદ્યાર્થી ઘેરથી એસાઇન્મેન્ટ કે ઓનલાઇન પરીક્ષા AI નો ઉપયોગ કરીને આપી શકે. આ માટે તેણે અભ્યાસ કરવાની સહેજે જરૂર નથી. એટલે કે વિદ્યાર્થી AI ને પ્રશ્ન પૂછીને કે ફોટો પાડીને કે બોલીને પોતાની સમસ્યા જણાવશે અથવા તો માહિતી માંગશે. એટલે AI તરત જ એનો જવાબ આપી દેશે.

આમ કરવાથી ભણ્યા વગર પણ વિદ્યાર્થી સારા ગ્રેડ મળેવી શકશે. અને ભણીને મહેનત કરનાર કરતાં વધુ સારો ગ્રેડ લાવી શકશે. AI નો વધુ ઉપયોગ કરવાથી વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેની આંતરક્રિયા ઓછી થશે. AI ભૌતિક છે. જયારે સાંવેગિક બાબતમાં શિક્ષક જેટલી સહાય કે માર્ગદર્શન AI દ્વારા મળવું મુશ્કેલ છે. શિક્ષક વ્યક્તિગત રસ લઇને વિદ્યાર્થીની શક્તિ ઓળખીને જે માર્ગદર્શન આપે છે અને સારો માણસ કે નાગરિક બનાવવાના પ્રયત્નો કરે છે. તે AI દ્વારા ના થઇ શકે.

AI ની સગવડતા કરવા માટે જરૂરી ખર્ચ દરેક શાળા કે વિદ્યાર્થી કે શિક્ષકને પોષાય તેમ નથી. એટલું જ નહીં. સગવડતા કર્યા પછી તેની જાળવણી, તે માટેના સ્ટાફનો ખર્ચ તો અલગ જ. એમાં પણ ભારત જેવા દેશ માટે શાળામાં AI ની સગવડ કરવા માટે ઘણા વર્ષ નીકળી જશે. AI ના ઉપયોગ કરવા માટે શિક્ષકોને તાલીમ પણ આપવી પડે. આપણે જાણીએ છીએ કે, હાલના સમયમાં શિક્ષકો માટે કમ્પ્યુટરનું જરૂરી જ્ઞાન લેવા સરકારે સહાય અને સગવડ બન્ને કર્યા. આમ છતાં આજે કેટલા શિક્ષકોને કમ્પ્યુટર વાપરતા આવડે છે ? કેટલા શિક્ષકો વર્ગખંડ શિક્ષણમાં કમ્પ્યુટરનો ઉપયોગ કરે છે ? શું AI માટે આવું તો નહિ થાય ને ?

અશોકીઃ શિક્ષક વર્ગનો રાજા હતો, છે અને રહેશે. AI વર્ગમાં શિક્ષકનું કાયમી સ્થાન લઇ ના શકે.



Scanned with OKEN Scanner

## ખમીરી અને ખુમારીવાળા આ પૂજ્યપાદ ચન્દ્રશેખરવિજયજી મહારાજ છે !

### ૧) મુંબઈમાં મચેલી યુવા-શિબિરોની ધૂમ...
(વિ.સં. ૨૦૫૧, સને ૧૯૯૫)

કૈલાસનગરનું શાસન પ્રભાવક
ચાતુર્માસ પૂર્ણ કરીને પૂજ્યપાદશ્રી મુંબઈ પધાર્યા.
મોહમયી નગરી શિબિરોની સંખ્યાબંધ શ્રેણિથી ધર્મમય બની.
રવિવારે તો શ્વેત વસ્ત્રોમાં સજ્જ યુવાનો
અને સાડીમાં સજ્જ યુવતીઓના વૃંદથી મુંબઈ છવાઈ જતું.

તા. ૧૫ જાન્યુઆરીના રોજ વિરારમાં પ્રવેશ કર્યા બાદ
પૂજ્યપાદશ્રી ૧૧૦ દિવસ મુંબઈમાં રોકાયા.
જેમાં બોરીવલી, મલાડથી લગાવી તીનબત્તી-વાલકેશ્વર વગેરે
જુદા જુદા સ્થળે કુલ્લે ૧૧ મહા શિબિરો થઈ.
ડાયમંડના વેપારીઓ, ટ્રસ્ટીઓ,
જૈન વેપારીઓ વગેરેની સ્પેશિયલ પાંચ શિબિરો થઈ.
યુવા શિબિરોની મચેલી ધૂમે અનેકોનાં જીવન પરિવર્તન કર્યાં.

### ૨) 'આપ આદેશ કરો, હું કુદી પડીશ...'

પૂજ્યપાદશ્રી સાબરમતી-તપોવનમાં બિરાજમાન હતા.
બજરંગ દળના કેટલાક તરવરીયા યુવાનો
પૂજ્યપાદશ્રીનો સંસ્કૃતિ-પ્રેમ, દેશ-પ્રેમ વગેરેની
વાતો સાંભળીને તેમને મળવા આવ્યા.
લગભગ બપોરે ૩ વાગ્યાનો સમય હતો.
પૂજ્યપાદશ્રી ઉપાશ્રયમાં ઉપરની રૂમમાં બિરાજમાન હતા.
યુવાનો પૂજ્યપાદશ્રી સામે ગોઠવાઈ ગયા.
તેઓએ રાષ્ટ્ર સંબંધી પૂછેલા
કેટલાક પ્રશ્નોના જવાબથી તેઓને ખૂબ સંતોષ થયો.

ત્યાર બાદ 'વર્તમાનની રાષ્ટ્રની પરિસ્થિતિ બાબતમાં
અમારે શું કરવું ? એ બાબતમાં આપ અમને માર્ગદર્શન આપો.'
મુખ્ય ભાઈએ પૂજ્યપાદશ્રી સમક્ષ પ્રસ્તાવ મૂક્યો.
જેના રોમ-રોમમાં રાષ્ટ્રભક્તિ છવાયેલી હતી,
ગોરાઓની ભેદી ચાલથી જેઓ સંપૂર્ણ માહિતગાર હતા,
વર્તમાન દેશી ગોરાઓની
અધમ પ્રવૃત્તિઓથી જેમનું દિલ દાઝેલું હતું.
સેંકડો રાષ્ટ્રદ્રોહીઓની સ્વાર્થવૃત્તિઓ
અને કૃતઘ્ની પ્રવૃત્તિઓથી જેઓ ત્રસ્ત હતા,
વર્તમાનના ગંદા રાજકારણની સામે
તેજાબમાં કલમ બોળીને તેઓની બદચાલોને
ખુલ્લી પાડતાં અનેક પુસ્તકો જેઓએ લખ્યાં હતાં
તેઓશ્રીની
અંદર ધખતી આગ આજે વાણી દ્વારા પ્રગટ થઈ.
૨૦ મિનિટ પર્યંત
નોન-સ્ટોપ આગઝરતી ભાષામાં
મડદામાં ય ઝનૂન ભરી દે એવી ભાષામાં તેઓશ્રી બોલ્યા;

હજુ તો પ્રવચન પુરું થયું નથી
ત્યાં એક તરવરીયો યુવાન ઉભો થઈ ગયો.
વાણીથી નીકળેલી
પેલી આગે એના રોમ-રોમને સળગાવી દીધું.
પૂજ્યપાદશ્રીના વચનોથી
એના હૃદયમાં પણ આગ પ્રગટી ચૂકી. એ રહી ન શક્યો.
પોતાની જગ્યાએ ઉભો થઈ
પૂજ્યપાદશ્રીને શૌર્યવંતી જુસ્સાદાર ભાષામાં કહ્યું;

'ગુરુવર !
રાષ્ટ્ર માટે મારો જાન આપવા હું તૈયાર છું.
આજથી આપ મારા ગુરુના સ્થાને છો.
આપને હું મારું જીવન સમર્પિત કરું છું.
બસ ! આજથી આપનું વચન એ જ મારે સર્વસ્વ.'
'ઓ ગુરુવર ! આપ આદેશ કરો.
આ રાષ્ટ્રદ્રોહીઓને સીધા કરવા માટે મારે શું કરવાનું ?
બસ ! આપ આદેશ કરો, હું કુદી પડીશ.'

આ પ્રસંગ કોઈની પાસે સાંભળેલી વાતને
અનુસારે નથી લખ્યો
પણ આ આખા પ્રસંગને આંખોઆંખ નીહાળ્યો છે.
આ બધું દેખનાર-સાંભળનાર
દરેકના હૃદયમાં
રાષ્ટ્રરક્ષા માટે જોમ-જુસ્સો પેદા થઈ ગયો.
રાષ્ટ્રપ્રેમની ભાવનાથી સળગેલા એ ગુરુવર અને
સળગનાર એ યુવાન પર બધાને અદકેરું માન થયું.



Scanned with OKEN Scanner

## ૨૫મી પુણ્યતીથીએ ભાવભરી શ્રધ્ધાંજલી

જન્મ :
તા. ૧૦-૦૯-૧૯૩૬



અરિહંત શરણ
તા. ૨૯-૦૫-૨૦૦૦

# સ્વ. શ્રીમતી લક્ષ્મીબેન જેઠાલાલ વોરા

*માની મમતાથી મોટુ કોઇ મયુરાસન આ જગતમાં નથી. આપના માટે પરિવાર જ જીવન હતું. આપે સમગ્ર જીવન પરિવાર માટે સમર્પિત કર્યુ. આપનાં જેવી માયાળુ માતાએ આપેલા સંસ્કાર આજે અમારા જીવનને મહેકાવે છે. આપનાં પુણ્યાત્માની દિવ્ય જ્યોતિનો પ્રકાશ અમોને આત્મબળ અને પ્રેરણા આપતો રહેશે.*

*આપે આજથી ૨૫ વર્ષ પહેલા ૨૯-૫-૨૦૦૦ અચાનક લીધેલ વિદાય અમારા મનમાંથી વિસરાતી નથી. અમારુ મન માનતુ નથી કે આપ અમારી વચ્ચે નથી. આજે અમો એજ પ્રાર્થના કરીએ છીએ, કે આપનાં દિવ્ય આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચીર શાંતિ આપે.*

**શ્રી જેઠાલાલ જીવનભાઈ વોરા પરિવાર**

| | | |
|---|---|---|
| પુત્રો | : | હર્ષદરાય, સૂર્યકાન્ત, પ્રફુલ્લચંદ, વિજય |
| પુત્રવધુ | : | ભાવના, રજનીકા, જયના, તૃપ્તિ |
| પુત્રી | : | મીના, પ્રતિભા, ઇંદુ |
| જમાઈ | : | અતુલકુમાર, સ્વ.મુકેશકુમાર, જયેશકુમાર |
| પૌત્ર | : | હેમલ, સુરીલ |
| પૌત્રી | : | કિંજલ શ્રેયસકુમાર, શીતલ અમીતકુમાર, મહેક |
| દોહિત્ર | : | સ્વ.તીરથ, ભવ્ય |
| દોહિત્રી | : | અંકિતા સાવનકુમાર, પ્રિયા મીરલકુમાર |
| પ્રપૌત્રી | : | મિષ્ટી, મૈથીલી, ખ્વાઇશ, માયરા |

**શ્રી જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર**



Scanned with OKEN Scanner

# મુશ્કેલીથી જીવન ભરાઈ જાય ત્યારે આપણી પાસે બે જ રસ્તા હોય છે

– આરતી રામાણી 'એન્જલ'

જિંદગીમાં ઘણીવાર એવો સમય આવી જતો હોય છે જયારે આપણી આંખ સામે અંધારૂં છવાઇ જતું હોય છે. ગમે તેટલી કોશિશ કરવાં છતાં પણ આગળનું કંઇ જ જોવા આપણે અસમર્થ થઇ જઇએ છીએ ત્યારે કયા રસ્તા પર ચાલવાથી આપણે મંજિલ સુધી વહેલાં પહોંચી શકીએ ?

જીવન એટલે સારા અને ખરાબ સમયનો સમન્વય. સારો સમય તો આરામથી જીરવી શકાય છે, પરંતુ ખરાબ સમય આવે ત્યારે શું કરવું, કેવી રીતે તે સમયમાંથી બહાર નીકળવું તે કશું જ સમજી શકાતું નથી! ઘણીવાર હોશિયારમાં હોશિયાર વ્યક્તિ પણ આવા સમયની ઝપટમાં આવી ચડતી હોય છે ત્યારે આપણે તે જ સમયમાં ફસાઇને રહી જતા હોઇએ છીએ. ગોળગોળ તે સમયને આંટા ફર્યા કરીએ છીએ! બિલાડીને કસરત કરવાનું રનીંગ વ્હીલ આપણે જોયું હશે. જેવી બિલાડી એમા ચાલવાનું શરૂ કરે કે તે સાધન એને ગોળ ગોળ ફેરવી દોડાવવાનું શરૂ કરી દે પછી એ બિલાડી બસ દોડયા જ કરે દોડ્યા જ કરે. જેટલું એ દોડે એટલું તે સાધન એને ગોળ ગોળ ફેરવી દોડાવ્યાં કરે. બિલાડી તેમાંથી બહાર નીકળવા થોડું ઝડપથી દોડે તો તે સાધન પણ એટલી જ ગતિથી ગોળગોળ ફરવા લાગે અને અંતે બિલાડી એમાં ફસાઇને રહી જાય છે, પરંતુ જયારે બિલાડી એમાંથી કૂદકો મારી નીચે ઊતરી જાય ત્યારે એ ગોળ ચક્રનાં ચક્રવાતમાંથી એક ઝાટકે નીકળી જાય છે. જયારે કોઇ મુશ્કેલીમાં ફસાઇ જઇએ ત્યારે આપણે પણ બિલાડી જેવું જ કરીએ છીએ! ખરાબ સમયના ચક્રમાં બસ ગોળગોળ ફર્યા કરીએ! જેટલું તીવ્ર ગતિથી દોડીએ એટલું સમય વધુ આપણને ગોળગોળ તીવ્ર ગતિથી ફેરવ્યા કરે અને અંતે આપણે હાંફી જઇએ, પરંતુ તે સમયે જો બિલાડીની જેમ કૂદકો મારી નીચે ઊતરી જઇએ તો ખરાબ સમયનું ચક્ર ત્યાં જ ઊભું રહી જાય અને આપણે એમાંથી બહાર પણ નીકળી જઇએ.

થોડા દિવસો પહેલાં પિયર જવાનું થયું. લાંબા રૂટ માટે હંમેશા ટ્રેનની મુસાફરી ગમતી હોવાથી ટ્રેનની ટિકિટ નોંધાવી, પરંતુ સમયે ટ્રેનનો રૂટ રેલ્વે વિભાગ દ્વારા રદ થયાનો મૅસેજ આવ્યો. હવે ગમે તેમ કરી પિયર જવું પડે તેમ જ હતું વળી તાત્કાલિક ટ્રેનમાં એકે ટિકિટ પણ ઉપલબ્ધ ના હતી તેથી જીવનસાથીએ પ્લેનની સવારના સમયની ટિકિટ નોંધાવી. હું ઍરપોર્ટ પર પહોંચી. પ્લેન પાસે પહોંચતા જોયું તો ગાઢી ધુમ્મસ છવાયેલી હતી. એરોડ્રામ પણ બરાબર જોઇ શકાતું ના હતું! બધા યાત્રીઓ સોથ હું પણ પ્લેનમાં અંદર પ્રવેશી અને મારી સીટ પર બેઠી.

થોડીવાર એરહોસ્ટેસે પોતાની સૂચનાઓ આપી ત્યાં પ્લેન ધીમી ગતિએ રનવે પર દોડવા લાગ્યું. ત્યાં હજુ ધુમ્મસ છવાયેલી જ હતી. ધીમેધીમે પ્લેનની ગતિ વધી અને એ આકાશ તરફ આગળ વધવા લાગ્યું. ઉપર પહોંચતાં તે વાદળો પાસે પહોંચ્યું. ધુમ્મસ હજુ એટલી જ છવાયેલી હતી, પરંતુ જેવું પ્લેનને વાદળોને પાર કર્યું આકાશમાં ચારે તરફ સૂર્યના કિરણો ફેલાયેલા દેખાણા અને એટલી હદે એ કિરણો ફેલાયેલા હતા કે બધા યાત્રીઓએ તડકાથી બચવા પોતાની વિન્ડો જ બંધ કરી દેવી પડી! લગભગ અકાદ-બે યાત્રીઓને બાદ કરતા આખાં પ્લેનમાં બધાની વિન્ડો બંધ થઇ ગઇ હતી. કેવું આશ્ચર્ય! જયારે નીચેથી જોતાં ફક્ત ધુમ્મસ દેખાતી હતી, રસ્તો પણ જોઇ શકાતો ના હતો ત્યારે હિંમત કરી આગળ વધતાં એ ધુમ્મસરૂપી અંધકાર સૂર્યના કિરણોરૂપી અજવાળામાં ફેરવાઇ ગયું! જીવનમાં પણ આવું જ થતું હોય છે. નજીકથી રસ્તો દેખાતો બંધ થઇ જાય ત્યારે હિંમતથી નિયત કરેલા પથ પર આગળ વધવાથી મંજિલ મળી જાય છે.

એકવાર ધીરૂભાઈ અંબાણી કોઇ મિટિંગ માટે જઇ રહ્યા હતા. તાત્કાલિક ત્યાં પહોંચવું પડે તેમ હતું, પરંતુ રસ્તામાં ખૂબ ભયંકર તોફાન આવી ચડ્યું! તોફાનથી ડરીને ધીરૂભાઈના ડ્રાઇવરે ધીરૂભાઈને કહ્યું કે આપણે ગાડી રોકી દેવી જોઇએ કારણ તોફાનને કારણે કંઇ ચોખ્ખું દેખાતું ના હતું, પરંતુ ધીરુભાઈએ ડ્રાઇવરને ગાડી રોકવાની ના પાડી અને આગળ હંકારતા રહેવાનો નિર્દેશ કર્યો. ડ્રાઇવર માલિકના કહ્યા પ્રમાણે ગાડી રસ્તા પર આગળ હંકારવા લાગ્યો. તોફાન પણ ખૂબ વધતું જતું હતું. હવે તો આગળનો રસ્તો દેખાવો પણ ખૂબ અઘરો થઇ પડયો હતો. ડ્રાઇવરે ફરીથી ધીરૂભાઈને ગાડી રોકી દેવા પૂછ્યું, કારણ કે તોફાનને કારણે ઘણાં જ વાહનો રસ્તા પર એમને એમ ઊભેલાં દેખાતાં હતાં. તોફાનનો સામનો કરવા તે અસમર્થ લાગતાં હતાં, પરંતુ ધીરૂભાઈએ ડ્રાઇવરને ગાડી હંકારતા જ રહેવા કહ્યું. ખૂબ મુશ્કેલ રસ્તા પર ડ્રાઇવર ગાડી હંકારતો રહ્યો. થોડે દૂર પહોંચતા ડ્રાઇવરે જોયું તો રસ્તો એકદમ ચોખ્ખો દેખાવા લાગ્યો હતો! તોફાન પણ પાછળ છૂટી ગયું હતું અને તેઓ આગળ નીકળી ગયા હતા ત્યારે ધીરૂભાઈએ સમજાવ્યું જો આપણે ગાડી તોફાનના ડરથી ત્યાં જ ઊભી રાખી હોત તો ત્યાં ઊભેલાં વાહનોની જેમ આપણે પણ હજુ ત્યાં જ ફસાયેલા રહી ગયા હોત, પરંતુ હિંમત કરી ગાડી ચલાવી તો તોફાનો સામનો કરતા આપણે તોફાની પેલે પાર પહોંચી ગયા. ખરેખર, કેટલું સુંદર રીતે ધીરૂભાઈએ સમજાવ્યું! બની શકે જો ડ્રાઇવરે ગાડી રોકી દીધી

હોત તો તેઓ ત્યાંને ત્યાં જ ફસાઇને રહી ગયા હોત અથવા તોફાન તે ગાડીને પોતાની સાથે ઊડાવી ગયું હોય અથવા ગાડીને ધ્વસ્ત પણ કરી નાખી હોત, પરંતુ થોડી હિંમત દાખવતા એમણે તોફાનને પણ માત આપી દીધી!

જયારે જીવનનાં રસ્તે અંધારું છવાઇ જાય, મુશ્કેલીથી જીવન ભરાઇ જાય ત્યારે આપણી પાસે બે જ રસ્તા હોય છે.

પ્રથમ: આરામથી બાજુ પર ઊભી અંધકાર દૂર થવાની રાહ જોવી.

બીજું: આંખો ચોળી, પોતાની આંખોનાં અજવાસ પર વિશ્વાસ રાખી, અંધારા રસ્તે પણ આગળ વધવું.

અંધકાર તો બન્ને પરિસ્થિતિમાં દૂર થઇ જવાનો, પરંતુ આપણો નિર્ણય આપણાં અને આપણી મંજિલ સુધીનાં અંતરને નક્કી કરવામાં મોટી ભૂમિકા ભજવી દે છે.

**તોફાનથી ડરીને રોકાઈ જવું કે લડી આગળ વધવું,**
**નિર્ણય આપણાં હાથમાં, જીવન અંધારવું કે અજવાળવું.**
**ધુમ્મસ મળે થોડા રસ્તે, આગળ કિરણોનો ભંડાર હોય,**
**થોડી અમથી હિંમત દાખવીને આસમાન સર કરવું.**

-o-o-o-

## સાત્વિકો માટે પાંઉ-બ્રેડ કેટલા અભક્ષ્ય છે તે વાંચો !!

૧) પાંઉ મેંદામાંથી બને છે. મેંદો ઘઉંમાંથી તૈયાર થાય છે. ફ્લોરમીલમાં સ્ટોરજ કરેલ ૨-૪ માસની ઘઉંની ગુણીઓ ખોલવામાં આવે તો અગણિત ધનેડાં પડેલા જોવા મળે છે. તેને ગરમ પાણીમાં નાખતા કે ઘંટીમાં નાખતા જીવો પીસાઇને મરે છે તે પહેલી હિંસા.

૨) ભીના ઘઉંને સુકવીને દળતાં ઝીણો લોટ-મેંદો ગુણીઓમાં પેક થાય છે. કયારે લોટ દળાયો છે તેની તારીખ લખાતી નથી. દિવસો કે મહિના સુધી પડી રહેલા મેંદાનો લોટ ખાવા લાયક રહેતો નથી. અગણિત ઇયળો વગેરે જીવો પડે છે. આવો મેંદો બેકરીવાળા વેચાતો લે છે. આથા માટે ખાટો પદાર્થ નાખતા અગણિત જીવો મરે છે. આ બીજી હિંસા.

૩) બોળો નાંખ્યા પછી આથો-ઉભરો આવતો જાય જેમાં ફંગસ ફૂગ પણ આવે છે તથા ચલિત રસ એટલે નવા ત્રસજીવો ઉદ્ભવે છે. જેને અગ્નિના ઓવનમાં પકવવા મૂકતા અગણિત ત્રસ જીવો નાશ પામે છે. આ ત્રીજી હિંસા.

૪) થોડા પાણીનો ભાગ રહેતાં પાંઉ બહાર કાઢી લેવામાં આવે છે. રાત્રિ પસાર થતાં સવારે તે (વાસી) પાંઉમાં અનેક બેકટેરિયા જંતુઓ ત્રસજીવો ઉત્પન્ન થયાં હોય છે આવા પાઉંને ખાવાથી આ ચોથી હિંસા.

૫) તેના રોગોત્પાદક જંતુ પેટમાં જવાથી બિમારીના ભોગ બનવું પડે છે. અને એલોપિથિક દવાઓ દ્વારા પેટના જંતુઓનો નાશ થાય તે આ પાંચમી હિંસા.

આ રીતે હિંસાની પરંપરાથી બનેલા પાંઉ-બ્રેડ જે ખરેખર ખવાય જ નહિ.

માટે જીવનભર પાંઉ-બ્રેડનો ત્યાગ કરી આત્માને પાપથી અને શરીરને રોગથી બચાવવું જોઇએ.

## છાશ એક સંપૂર્ણ પીણું

આયુર્વેદ માં છાશ ની તુલના અમૃત સાથે કરવામાં આવી છે. શરીરમાં રહેલા ઘાતકી તત્વો ને મુત્ર દ્વારા શરીરમાંથી બારે કાઢવાની શક્તિ એકમાત્ર છાશમાં છે તો છાશનું સેવન રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

એક મહત્વપૂર્ણ બાબત એ પણ છે કે જો લગાતાર ત્રણ દિવસ એકમાત્ર છાશ ને આહારમાં લેવામાં આવે તો શરીરમાં પંચકર્મ સ્વયં થાય છે. વધારાની ચરબી ઉતારી જાય છે. ચહેરા પરના દાગ નિકળી જાય છે સાથે સાથે ચમક પણ આવે છે.

છાશમાં વિટામિન બી-૧૨, કેલ્શિયમ, પોટેશિયમ, ફોસ્ફરસ વગેરે જેવા શરીર માટે લાભ દાયક અનેક તત્વો રહેલા છે જે પેટ સાફ રાખે છે તથા પેટમાં થતો ગડગડાટ મટાડે છે. શરીરનું તાપમાન ને કંટ્રોલ માં રાખે છે જેથી સરસ નિદ્રા આવે છે.

છાશનું સેવન કરવાથી નિમ્નલિખિત દસ લાભ મળે છે.

૧) મોટાપો ઘટે છે.

૨) વારંવાર પેશાબની તકલીફ વાળાઓ માટે માપસર નમક વાળી છાશ લાભદાયક છે.

૩) છાશનું સેવન મો માં પડતાં ચાંદા ને મટાડે છે.

૪) છાશમાં કુટેલો અજમો નાખીને પીવાથી પેટમાં જન્તુઓ નો નાશ થાય છે. દવાઓ લેવી નથી પડતી.

૫) છાશમાં દેશી ગોળ નાખીને પીવાથી પેશાબમાં થતી બળતરા મટે છે.

૬) છાશમાં જાયફળ નો ચપટી પાવડર નાખીને પીવાથી માથામાં થતો દુખાવો મટે છે.

૭) ખાલી પેટ છાસ પીવાથી પેટનો દુખાવો મટે છે.

૮) છાશમાં કાળીમરી પાવડર તથા સાકર નાખીને પીવાથી પિત્ત તથા એસિડિટી મટે છે.

૯) નાના બાળકોને જયારે દાંત આવતા હોય ત્યારે ચાર ચાર ચમચી છાસ રાહત આપે છે.

૧૦) શરીરના પંચકર્મ ની વાત આગળ કરી જ છે.

જેમણે પૈસા ખર્ચીને પંચકર્મ કરાવ્યું છે તે ઓ જરૂર થી આ પ્રયોગ કરે તો તેમને પ્રયોગ ની ખાત્રી થશે તથા આગળ જતા પૈસા પણ બચશે.

ગુજરાતીઓ તેમાં પણ કચ્છી પટેલો ના કાર્યક્રમ માં મોધું જમણ હોય પરંતુ તેમાં છાશ ન હોય તો જમણ અધુરું લેખાય છે.

આ આપણા વડિલોએ આપેલી અમુલ્ય ભેટ છે જેના દૈનિક સેવનથી તબિયત સારી રહે છે અને જો તેનું વિધિવત સેવન કરવામાં આવે તો પૈસાની પણ બચત થાય.

તો પછી ચાલો આજથી જ કોલ્ડ ડ્રિંક ને કરીએ અલવિદા, શરૂ કરીએ છાશ... ઔર જીનેકો ક્યા ચાહિયે.



Scanned with OKEN Scanner

# વ્યક્તિ નિર્માણની દિશામાં એક અદ્‌ભૂત પ્રયોગ

- શ્રીમતી પારૂલબેન ભરતકુમાર ગાંધી (રાજકોટ)

ભગવાન મહાવીરે આત્માને પરમાત્મા બનવાનો માર્ગ બનાવ્યો. તેમણે એ પોતાના પૂરૂષાર્થ દ્વારા સ્થાપિત કર્યું કે માનવી પણ ઇશ્વર બની શકે છે, નરમાંથી જ નારાયણ બની શકાય છે. આ રહસ્યનું ઉદ્‌ઘાટન એ આ જગતને તેની અમૂલ્ય દેન છે. આ માટે ભગવાન પોતે સતત જાગ્રત રહ્યા એટલું જ નહિ બીજાઓની જાગૃતિનું સમર્થન અને મૂર્છાનું ખંડન કરતાં રહ્યા. તેમની પ્રતિક્રિયા અને પ્રક્રિયા બધા માટે સમાન હતી. તેમાં તારા-મારા કે વહાલા-દવલાના કોઇ ભેદ નહોતા.

ઇન્દ્રભૂતિ ગૌતમ ભગવાનના પ્રથમ શિષ્ય અને પ્રથમ ગણધર હતાં. ભગવાને પ્રરૂપેલો અનેકાંતવાદ એ માક્ષ જૈન ધર્મનો જ નહિ પરંતુ ભારતીય સંસ્કૃતિના સિધ્ધાંતોમાંનો એક મહત્ત્વનો સિધ્ધાંત છે. જગતની કોઇપણ સમસ્યાનું સમાધાન એટલે અનેકાંતવાદ. સમગ્ર વિશ્વમાં આજે જૈન ધર્મના નામનો ડંકો વાગે છે તેનું કારણ પણ એ જ છે કે એનેકાંત એ જૈન ધર્મનું હાર્દ છે. કોઇપણ વાત ને જુદા જુદા દ્દષ્ટિકોણથી જોઇ દરેકનો સમન્વય કરવો, દરેક વાતને સરખું મહત્ત્વ આપવું તે જ અનેકાંતવાદ દ્દષ્ટાંત જોઇએ તો ચાર પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ હતી. તેઓ રસ્તા પરથી પસાર થઇ રહ્યા હતાં. ત્યા એક હાથી નીકળ્યો. આ ચારેય વ્યક્તિ તેને જોવા લાગ્યા. આંખ તો હતી નહિ તેથી તેને અડીને તેઓ વારાફરતી જોવા લાગ્યા. તેના એક એક અંગને અડીને તેનું વર્ણન કરવા લાગ્યા. પહેલી વ્યક્તિના હાથમાં હાથીનો પગ આવ્યો તેથી તે કહે કે હાથી થાંભલા જેવો જાડો છે. બીજી વ્યક્તિના હાથમાં હાથીની પૂંછડી આવી તો તે વ્યક્તિ કહે હાથી તો દોરી જેવો પતલો છે. ત્રીજી વ્યક્તિના હાથમાં સૂંઢ આવી તો તે વળી કહે કે હાથી જાડો થાંભલા જેવા પણ નથી ને પતલો પણ નથી. ચોથાના હાથમાં હાથીનો કાન આવ્યો તો તે વળી કહે કે હાથી તો સૂંપડા જેવો છે. આ વાતનો અર્થ એટલો જ કે આ ચારેય વ્યક્તિની વાત તો સાચી જ હતી. તેમાની એકપણ વ્યક્તિ ખોટું બોલી નહોતી. છતાં તે વાત સંપૂર્ણપણે સત્ય નહોતી, અર્થાત્ તે અધૂરી હતી. બસ, આ જ વાત છે જે લોકોમાં મતભેદ-ઝઘડા-કજિયા ઊભા કરે છે.

ગૌતમ ગણધર પણ ભગવાનના અનેકાંતવાદના ચુસ્ત સમર્થક હતા. એક દિવસ તેઓ ભગવાનના પ્રથમ શ્રાવક આનંદના આરાધનાગૃહમાં ગયા. આનંદ ૧૨ વ્રતધારી આદર્શ શ્રાવક હતા. તેમણે ગૌતમસ્વામીનો યથોચિત આદર સત્કાર કર્યો અને વાત-વાતમાં જણાવ્યું કે ભગવાનના માર્ગની અપ્રગટપણે સાધના કરતાં કરતાં મને અવધિજ્ઞાન એટલે કે જેનાથી લોક-અલોક વગેરે પ્રત્યક્ષ દેખાય તેવું જ્ઞાન થયું છે. ત્યારે ગૌતમસ્વામીએ તેમને કહ્યું કે, 'શ્રાવકને પ્રત્યક્ષ જ્ઞાન થઇ શકે છે પણ આપ કહો છો તેવું વિસ્તૃત જ્ઞાન ન થઇ શકે. આપ તે ખોટું બોલ્યા છો તેનું પ્રાયશ્ચિત કરો.' ત્યારે આનંદે કહ્યું કે, 'શુ ભગવાને સાચી વાત કહેનારને પ્રાયશ્ચિત લેવાનું વિધાન કર્યું છે.' ત્યારે ગૌતમે કહ્યું કે, 'કદાપિ નહિ' ત્યારે આનંદે કહ્યું, 'તો પછી આપ જ પ્રાયશ્ચિત કરો, મારી વાત તો સત્ય જ છે.'

ગૌતમસ્વામી ત્યાંથી નીકળી ભગવાન પાસે આવ્યા. તેમને આખો વૃતાંત સંભળાવ્યો ત્યારે ભગવાને તેમને કહ્યું કે, 'આનંદે જે ક્હયું તે સત્ય છે માટે તેના સત્ય વચનને સમર્થન આપી તમે તેમની ક્ષમા માગી પ્રાયશ્ચિત કરો. ગૌતમ તુરત જ આનંદના આરાધના-ગૃહમાં ગયા અને તેમની ક્ષમા માંગી.'

ભગવાનના પટ્ટશિષ્ય - પ્રથમ ગણધર એવા પ્રધાન શિષ્યનું એક શ્રાવક પાસે જવું, તેના સત્ય જ્ઞાનનું સમર્થન કરવું અને પોતાની અજાગ્રત દશાનું પ્રાયશ્ચિત કરવું, શ્રાવક આનંદની ક્ષમા માગવી. વ્યક્તિ નિર્માણની દિશામાં કેટલો અદ્‌ભુત પ્રયોગ છે. ભગવાન જો ઇચ્છત તો પોતાના પટ્ટશિષ્ય ગૌતમની પ્રતિષ્ઠાને અખંડ રાખવા માટે આનંદને જૂઠો પાડી શકત, પરંતુ ભગવાન જાણતા હતા કે અસત્યના સમર્થનની ગૌતમની પ્રતિષ્ઠા ન તો સુરક્ષિત રહેશે. જો ગૌતમનો પક્ષ લીધો હોત તો ગૌતમનો અહમ્ અમર બની જાત પણ તેનો આત્મા મૃત્યુ પામત. અસત્યનો પક્ષ લેવાથી આત્માનું ઇષ્ટ કદાપિ ન થઇ શકે.

બસ, આ પ્રસંગ પરથી આપણાને બોધ મળે છે કે સિધ્ધાંતનિષ્ઠા - મૂલ્યિનિષ્ઠાથી મોટું કંઇ જ નથી. આત્માનો અવાજ જ સાચો છે અને હોઇ શકે. આત્માની વિસ્મૃતિની ક્ષણો એ મોટામાં મોટી દુર્ઘટનાની ક્ષણો હોય છે. જે પણ દુર્ઘટના માનવીના જીવનમાં ઘટે છે તે બધી આવી નબળી ક્ષણોમાં જ થાય છે. આથી જીવનમાં પળે પળે જાગૃતિ રાખવી જોઇએ. જયાં જયાં સિધ્ધાંતનિષ્ઠાનો ભંગ થતો દેખાય, મૂર્છાભાવ દેખાય, મમત્તવ દેખાય ત્યાં હંમેશા આત્માના અવાજને અનુસરીને કાર્ય કરવું જોઇએ. દુન્યવી વસ્તુસ્થિતિ ત્યાં ગૌણ બની જાય છે. સિધ્ધાંતનિષ્ઠા થી મહાન અન્ય કશું જ નથી.

વર્તમાન પરિસ્થિતિમાં આ બાબતનો અભાવ જોવા મળે છે. તેને કારણે માનવીય મૂલ્યોનો,નૈતિકતાનો અને ન્યાયનો હ્રાસ



Scanned with OKEN Scanner

થતો જોવા મળે છે. દંભ, દેખાવ, આડંબર અને ભપકાએ માનવને ભાન ભૂલાવ્યું છે. પોતાની ભૂલને માનવી સ્વીકારતો નથી એટલું જ નહિ એ વાત ખોટી છે તે જાણવા છતાં તેને તર્કથી સાચી સાબિત કરવા પ્રયત્ન કરે છે. આજે ઘણી બાબતોમાં એક સરખા નિયમ નક્કી થાય છે પરંતુ તેનો અમલ બધા માટે સમાન ધોરણે થતો નથી. જેને કારણે અશાંતિ અને અજંપો ચારે બાજુ જોવા મળે છે. કયાં ભગવાન મહાવીરની વ્યક્ત નિર્માણની અદ્‌ભુત ભાવના અને કયાં વર્તમાન પરિસ્થિતિ. આપણે ખરેખર માર્ગ ભૂલ્યા છીએ. આપણે પસંદગીમાં થાપ ખાધી છે. કહેવું છે એટલું જ કે,

**જે અસરકારક છે એની જ પસંદગી ન કરતા...**

**જે હિતકારક પણ છે તેની જ પસંદગી કરવી જોઇએ.**

-૦-૦-૦-

## આવકાર્ય પહેલ

હમણાં એક મિત્રની દિકરીના લગ્નમાં નવી પહેલ, નવો વિચાર જોયો... એ મિત્ર એ સૌને આમંત્રણ આપ્યું હતું, પણ જેમના ઘેર ૭૫ વર્ષની ઉપરના વડીલો હોય, તેમને ખાસ સાથે લાવવાનુ કહેવામાં આવ્યું હતું...!

તે મિત્રના જ શબ્દોમાં તેના વિચાર.... આ વડિલોનું મન પણ બાળક જેવું થઇ ગયું હોય છે, તેમને પણ ભાવતી વાનગીઓ અને સૌને રૂબરૂ મળવાનું ઘણુ જ મન હોય છે, પણ... તેઓ કહી શકતા નથી, મન મારીને નિરસ જીવન જીવે છે... હું, તમે, આપણે બધા કદાચ જીવનની ભાગદોડમાં અને તેમના સ્વાસ્થ્યની ચિંતામાં આ બાબત નજરઅંદાજ કરી રહ્યા છીએ, કે તેઓ જાણ્યે-અજાણ્યે પણ ઉપેક્ષીત શ્રેણીમાં ધકેલાઇ રહ્યા છે... મન મારીને પરાણે સાચવવા મથતા એ ભાંગ્ય-તુટ્યા સ્વાસ્થ્યનું પછી કરવુ પણ શું છે? તેના કરતા તેમની ઇચ્છા, તેમની હોંશ પુરી કરીને તેમના અંતિમ સમયને આનંદમય કેમ ના બનાવવો? તેમને શેર લોહી ચડશે, વગર દવાએ તેઓ સ્ફુર્તિનો અનુભવ કરશે અને હા દિકરીનાં લગ્નમાં દેવતાઓને આમંત્રણ આપવામાં આવે છે, કારણ કે તેમના આર્શીવાદ જીવનભર સાથે રહે, તો જીવન સંધ્યાએ પહોંચેલા આ વડિલોના નિર્દોષ આર્શીવાદની નાનકડી પણ મહત્વની ભેટ દિકરીને કેમ ના આપવી?

તેમના સ્વાસ્થ્યની પરવા કર્યા વગર તેઓ આવ્યા તે ઋણ સ્વીકાર સાથે સૌ મહેમાનોની હાજરીમાં એ દરેક વડિલોને પગે લાગી, એક નાનકડી ભેટ આપી 'વડિલ-વંદના' કરવામાં આવી!

જીવનમાં પહેલી વાર આવુ ભાવુક દ્રશ્ય જોઇને મન ભાવવિભોર થઇ ગયું, કે સાચા-ખોટા અનેક રીવાજો શરૂ થઇ ગયા છે, તેની સાથે જો આવો આવકારદાયક રીવાજ શરૂ થાય, તો એ વડિલો થોડા સમય માટે પણ જે આનંદ અનુભવશે અને અંતરના આશીર્વાદ આપશે, પછી જીવનમાં કદાચ બીજી કોઇ જરૂર નહી પડે!

## તણખો

એક અતિશય શ્રીમંત બહેન હતાં. તેમની પાસે એક અતિ કિંમતી સાડી હતી. આ સાડી તેમને ખૂબ જ ગમતી. એમણે વિચાર કર્યો કે આ સાડી બગડે નહિ તેથી તેનો ઉપયોગ સાવ નજીકના જ સગાના પ્રસંગમાં કરવો. તેમને ત્યાં ઘણાં પ્રસંગ આવ્યા અને ગયા. પણ આ વખતે નહિ મારી દિકરીના લગ્નમાં પહેરીશ એમ વિચારીને તેમણે એ સાડી કયારેય પહેરી જ નહિ.

એવામાં અચાનક જ તેનું મૃત્યુ થઇ ગયું. એમના બધા સગા-વહાલાને એ ખબર હતી કે બહેનને એ સાડી ખૂબ જ પ્રિય હતી. આથી જ તેમણે એ સાડીનો કયારેય ઉપયોગ જ ન કર્યો. ઘરના બધા કુટુંબીજનોએ નક્કી કર્યું કે હવે આ સાડી તેમના મૃતદેહને જ ઓઢાડી દઇએ. આ રીતે જે સાડી જિંદગી આખી કિંમતી જણસની જેમ સાચવી તે પાછી કયારેય કામ ન આવે અને બળીને રાખ થઇ જાય એવા કામમાં અંતે વપરાઇ ગઇ.

કહેવાનું તાત્પર્ય એ જ છે કે મમત્વભાવ-રાગ જીવને પળે પળે મારી રહ્યો છે. ન તો એ વપરાશ કરવા દે છે કે ન તો ત્યાગ. અરે! જેનાં પ્રત્યે એવો તો પ્રેમભાવ જાગે છે કે તેના એક પણ દોષ દેખાતા નથી. આવો રાગ ભારે ખતરનાક છે. એ મીઠી છૂરી જેવો, મધલિપ્ત તલવાર જેવો છે જેને ચાટવા જઇએ તો જીભ કપાઇ જાય પણ છતાં તેનો સ્વાદ લેવાનો મોહ છૂટતો નથી. આપણો જે મહાન દુશ્મન છે. પળે પળે કર્મબંધનનો કરનાર છે તેવો રાગ આપણને મિત્ર જેવો લાગે છે એ આશ્ચર્ય જ છે ને! જેને શરણે એક પળ પણ જવા જેવું નથી તેવા રાગને આપણે આપણું આખે આખું જીવન સમર્પિત કરી બેઠા છીએ. આમાં આપણું કલ્યાણ કયાંથી થાય?

આ રાગ માત્ર વસ્તુઓ પ્રત્યે નથી, વ્યક્તિઓ પ્રત્યે પણ છે. માત્ર સગા વ્હાલા પ્રત્યે નથી, મિત્રો પ્રત્યે પણ છે. આવો રાગ ભલભલા જ્ઞાનીઓને પણ આરાધનાના શિખરેથી પછાડી અધમતાની ખીણમાં ફેંકી દે છે. અરે! જેવો જિંદગીમાં કયારેય પણ કોઇના ગુલામ નથી થયા તેઓ પણ હોંશે હોંશે આ રાગની કદમબોસી કરે છે.

સાવધાન! આ આકર્ષક લાગતી મિત્રતાના સ્વાંગમાં આવેલા રાગથી દૂર જ રહેવું સારું. જે તેનાથી દૂર રહે છે તે ફાવી જાય છે, કામ કાઢી જાય છે.

- અસ્તુ -



Scanned with OKEN Scanner

# 'તમારા લીધે મારી જિંદગીમાં ફરક પડ્યો છે !'

દસમા ધોરણમાં છેલ્લા થોડા જ દિવસો બાકી હતા. વિદ્યાર્થીઓ થોડા ઉત્સુક, થોડાં દુઃખી, થોડાં તણાવમાં હતાં. ઉત્સુક એટલે કે હવે એક નવી દુનિયામાં, કોલેજમાં પદાપર્ણ કરવા જઇ રહ્યાં હતાં, દુઃખી એટલે કે લાંબા સમયથી સાથે રહેલાં મિત્રો, પ્રિય શિક્ષકો ખબર નહીં કયાં હશે, કયારે મળશે ! તણાવમાં એટલે કે આવનાર એક મહત્વની પરીક્ષાનું પરિણામ શું આવશે, ક્યાં લઇ જશે !

તે દિવસે પૂર્વી મિસનો પિરિયડ નહોતો પણ તેમને અચાનક આવેલાં જોઇ સૌ રાજી થઇ ગયાં. જાણે મે મહિનામાં કરાંનો વરસાદ! બધાં જોરથી 'ગુડ મોર્નિંગ મિસ' બોલી ઊભા થઇ ગયાં. પૂર્વી મિસ શાળામાં દરેક ધોરણને 'વેલ્યુ એજ્યુકેશન' (મૂલ્યો વિશે શિક્ષણ) શીખવતાં પણ ખૂબ રોચક રીતે ! તેથી બધાં જ એમના પિરિયડની રાહ જોતાં.

પૂર્વી મિસ હાથમાં એક આકર્ષક ખોખું લાવ્યાં હતાં. ખોખામાં શું લાવ્યાં હશે એ જાણવા વિદ્યાર્થીઓની ડોક બગલા કરતાં પણ લાંબી થઇ હતી. બધાંને બેસવાનું કહી તેમણે એક નાનકડાં ખોખામાંથી હાથે બાંધવાના બેન્ડ કાઢ્યાં. આ સાધારણ રબર જેવાં સોફ્ટ રંગબેરંગી પ્લાસ્ટિકથી બન્યાં હોય છે, હાથમાં બંગડીની જેમ પહેરી લેવાય, છોકરો હોય કે છોકરી, પણ આ તો પૂર્વી મિસ એટલે કશુંક અનોખું જ હોય. એમણે દરેક બેન્ડ પર પોતાનાં સુંદર અક્ષરમાં લખ્યું હતું. 'થેંક્યુ, તમારે લીધે મારી જિંદગીમાં ફરક પડ્યો !'

તેઓ બધાં બેન્ડને પોતાની આંગળીઓમાં ભેરવી નીરખી રહ્યાં. જરા આંખોના ખૂણે ભીનાશ આવી પણ તરત જ સ્વસ્થ થતાં એમણે કહ્યું. 'હવે પ્રિલીમ પૂરી થઇ છે અને થોડા જ દિવસોમાં સૌ મહત્ત્વની બોર્ડની પરીક્ષામાં પોતાનું સર્વોત્તમ આપવાની કોશિશ કરતાં જ હશો. ત્યાર બાદ એક નવી દુનિયામાં ખોવાઇ જશો. પણ હું તમને સૌને યાદ કરીશ, સૌને ખુબ ખૂબ શુભેચ્છાઓ.' વિદ્યાર્થીઓ પણ પ્રિય શિક્ષિકાને ભવિષ્યમાં નહીં મળાય એ વિચારથી ગળગળા થઇ ગયાં. એક સોપો પડી ગયો. જરા વારે પૂર્વી મિસે બધાંને એક હાસ્યાસ્પદ વાત કરી હળવાં કરી દીધાં.

એમણે અચાનક એ વર્ગના ટીખળી, બેફિકર વિદ્યાર્થીનું નામ લઇ બોલાવ્યો. સૌ ઉત્સુક થઇ જોવા લાગ્યાં. તેમણે એ વિદ્યાર્થીના હાથમાં પેલા ખોખામાંથી એક બેન્ડ એને પહેરાવ્યું. એ વિદ્યાર્થીએ જયારે એનાં પરનું લખાણ વાંચ્યું ત્યારે આશ્ચર્યથી મિસ સામે જોવા લાગ્યો.

'થેંક્યુ, તમારે લીધે મારી જિંદગીમાં ફરક પડયો !' એ કશું પૂછે એ પહેલાં મિસે બીજાં ત્રણ બેન્ડ એને આપી કહ્યું 'તારા જીવનમાં મહત્ત્વની બીજી ત્રણ વ્યક્તિને આ બેન્ડ આપી કુતજ્ઞતા ફેલાવજે.' નરમ ઘેંસ જેવો થઇ એ ટીખળી પોતાની જગ્યાએ બેઠો અને ત્રણ બેન્ડ વિશે વિચારવા લાગ્યો.

આમ વારાફરતી દરેક વિદ્યાર્થીને બોલાવી એક બેન્ડ પહેરાવી ત્રણ બેન્ડ આપ્યાં. એક અજબ અનુભૂતિ ફેલાઇ ગઇ વર્ગમાં. સૌ વિચારવા લાગ્યાં કે આગળ કોને ! કોઇએ માં ને પહેરાવવાનું વિચાર્યું તો કોઇએ દોસ્તને. પણ એક વિદ્યાર્થીનીએ ઊઠીને પૂર્વી મિસને પહેરાવી પોતાની લાગણી વ્યક્ત કરી ત્યારે મિસ એને ભેટી પડ્યાં. શાળા વિદાય જેવું વાતાવરણ થઇ ગયું. ઘરે જઇને પહેલું બેન્ડ માં ને પહેરાવી, એક વિદ્યાર્થીએ પડોશમાં રહેતાં એક નોકરી કરનાર ભાઇને બીજું બેન્ડ આપ્યું જે એને નોકરીએથી આવી અભ્યાસમાં માર્ગદર્શન કરતા હતા. એ ભાઈને પણ લખાણ વાંચી ખૂબ સારું લાગ્યું. બાકીનાં બે બેન્ડ એને આપી એને પૂર્વી મિસની વાતનો ફેલાવો કરવાની ઇચ્છા વ્યક્ત કરી.

એ ભાઈએ એ બેન્ડ ઓફિસમાં પોતાના બોસને આપ્યું, જે એના પરનું લખાણ વાંચી ચોંકી ગયા. એ કર્મચારીઓ માટે એક ખડુસ બોસ હતા પણ કંપનીનો વિકાસ એની કર્તવ્ય નિષ્ઠા અને હોશિયારીથી થતો હતો એ પણ દીવા જેવી સ્પષ્ટ વાત હતી. બેન્ડ પહેરતાં જ એણે સજળ નયને પેલા ભાઈને પુછ્યું, 'હું ખરેખર આને લાયક છું ! ખૂબ આભાર.' જવાબ આપતાં એ ભાઈએ કહ્યું 'આની સંકલ્પના એક શાળાનાં શિક્ષિકાની છે પણ મને ખૂબ ગમી એટલે તમે યાદ આવ્યા.' બોસ એને ભેટી પડયા.

રાત્રે ઘરે જઇને બોસે બેન્ડ પોતાના પુત્રને પેરાવી ગળે વળગાડ્યો, 'હું કામમાં અતિ વ્યસ્ત રહું છું. તારી મમ્મી પર પણ ઘરની જવાબદારી છે. તને જોઇએ એવો સમય નથી આપી શકતો અને ચિડાઇ જાઉં છું. પણ તું મારી જીવનદોરી છે, તારા લીધે મારા જીવનમાં ખૂબ બદલાવ આવ્યો છે, તું જેવો છે એવો જ મને ગમે છે, લવ યુ.' પુત્રે પણ એ બેન્ડ જોયું અને પિતાને વળગી ધ્રુસકે ધ્રુસકે રડી પડયો.

એને પાસે બેસાડી પિતાએ રડવાનું કારણ પૂછ્યું 'આ વખતે પણ સારા માર્ક્સ નથી આવ્યાં. હું તમને ખુશ નથી રાખી શકતો, માને પણ મદદ નથી કરતો. મારું જીવવું નકામું છે એમ માનીને મેં આત્મહત્યા માટે તૈયારી કરી હતી. તમને અને માને ચિઠ્ઠી પણ લખી રાખી હતી.' આ સાંભળી બોસના અશ્રુએ માઝા મૂકી. બંને પિતા પુત્રને વળગી રડતાં જોઇ મા ચૂપચાપ ખૂણે ઊભી ગાલ ભીંજવતી રહી.

એને થયું 'સ્રીને ભાવના વ્યક્ત કરતાં વાર નથી લાગતી. એ ક્ષણની પત્ની અને કાયમની માતા હોય છે, પણ પુરુષ ક્ષણનો પિતા હોય છે અને આજે એક પિતા મળ્યા છે પુત્રને ક્ષણવાર માટે, એમાં હું અંતરાય નહીં બનું. સારાં પાલક થવું એ તો એક અસિધારા વ્રત છે, એ માટે કોઇ શિક્ષણ, જ્ઞાન કે જાતિની જરૂર નથી હોતી. ફક્ત અતૂટ ઇચ્છા જોઇએ સંતાનને ઉત્તમ મૂલ્યો આપવાની.' એ ઘરમંદિરનાં દેવને વંદી રહી, પુત્રને બચાવવા માટે. ત્યારે એ બેન્ડને હૈયે ચાંપતા એક પિતાના આર્શીવચનો બોન્ડ (બંધન) બનેલાં બેન્ડ થકી બ્રહ્માંડમાં સકારાત્મકતા ફેલાવી રહ્યાં !



Scanned with OKEN Scanner

# ગુફતેગો

- ડૉ. ચંદ્રકાંત મહેતા

**આજના જમાનામાં માણસનું મન અને હૃદય બદલાઇ ગયા છે એના જીવનમાંથી ત્યાગ, સહિષ્ણુતા અને પરોપકારની લાગણી વિલુપ્ત થઇ રહી છે આજનો માણસ આત્મકેન્દ્રી બની ગયો છે. દુ:ખ માણસને ભેગા કરાવે તથા સુખ નોખા કરાવે, આવું કેમ ?**

માનવ જીવન દુ:ખોનું આશ્રય સ્થાન છે. દુ:ખ માણસને આજે પણ છે અને માંજે પણ છે. કોઇપણ માણસનું જીવન દુ:ખોથી છલકાતું હોય એવુ બનતું નથી. ભાગ્યવાદીઓની ભાષામાં કહીએ તો સુખ અને દુ:ખના ચક્રો ચાલતાં રહે છે. એટલે નરસિંહ મેહતા જેવા તત્વજ્ઞો કહે છે કે, દુ:ખને એકલાએટૂલા આવવાનું ગમતું નથી એ પોતાની ફોજ કે પલટન લઇને જ આવે છે. દુ:ખનું કેલેન્ડર નથી હોતું એ તિથિ કે તારીખ જોયા વગર જ ત્રાટકે છે. દુ:ખ આક્રમક છે એ ભલભલાનાં હાજા ગગડાવી મૂકે છે. દુ:ખ માણસની ધીરજ અને સહનશીલતાની કસોટી કરે છે. માણસને હચમચાવી મૂકે છે. એની આશાઓ છીનવી લેવાની દુ:ખને આદત છે. દરેક માણસને લાગે છે કે એનું દુ:ખ મોટું છે.

એક દ્રષ્ટાંત કથા મુજબ લોકોએ ભગવાનને પ્રાથના કરી કે પ્રભુ ! અમને ભાગ્ય પરિવર્તનની તક આપો. ભગવાને કહ્યું: કાલે સવારે તમારા દુ:ખનું પોટલું અમુક ઠેકાણેના ઢગલામાં મૂકી આવજો. અને સાંજે એ ઢગલામાંથી મન ગમતું સુખનું પોટલું લઇ આવજો. માણસો હરખમાં આવી ગયા પોતાના દુ:ખનું પોટલું તૈયાર કરી પેલા ઢગલામાં મૂકી આવ્યા. સાંજે પેલા ઢગલામાંથી પોતાને ગમતાં સુખનાં પોટલા ફેંદવા લાગ્યા. દરેક પોટલામાં સુખ-દુ:ખો હતાં. બધાં પોટલાં ફંકોસ્યા બાદ માણસને લાગ્યું કે બીજા કરતાં પોતાનું દુ:ખ ઓછું છે અને તેઓ પોતાના નશીબનું પોટલું જ પાછું લઇ આવ્યાં. દુ:ખ એ અભિશાપ નથી. દુ:ખ માણસને જીવવાની દ્રષ્ટિ આપે છે. કસોટીમાં ટકી રહેવાનું આત્મબળ જાગૃત કરે છે. દુ:ખ એ માણસની માણસાઇ જગાડી શકે છે.

માણસ અનાસકત રહે તો પરમાત્માની કૃપા વહેલા મોડા તેની ઉપર ઉતરે જ.

સુખ માટે ભિખારી ન બનાય, એ માટેની લાયકાત વિકસાવવી પડે. 'રામાયણના અયોધ્યા' કાંડમાં વાલ્મીકિ કહે છેઃ સદાય સુખ દુ:ર્લભ છે. સુખનાં ઉદ્‌ભવ સ્થાનો કયાં ? વેદ વ્યાસના મતાનુસાર 'નિરોગી રહેવું. ઋણી ન હોવું, પરદેશમાં રહેવાનો વારો ન આવવો પોતાની વૃત્તિથી જીવિકા ચલાવવી અને નિર્ભયતા પૂર્વક જીવવું - આ છ બાબતો મનુષ્યલોક માટે સુખનો વિષય છે. આસક્તિહીન માટે બે બાબતો સુખદાયકઃ પૂર્ણ આસક્તિહીનતા અને ધનનો નિયમિત સ્રોત. કુલીન વ્યક્તિઓ સાથેનો સંબંધ, બુદ્ધિશાળી લોકો સાથેની મિત્રતા અને સ્વજાતીય મનુષ્યો સાથેનો મેળ રાખનાર દુ:ખી થતો નથી. દુ:ખી માણસ સુખની ઇચ્છા કરે છે અને સુખી માણસ વધુ સુખની અપેક્ષા રાખે છે હકીકતમાં દુ:ખો પ્રત્યેનો ઉપેક્ષાભાવ જ માનસિક શાન્તિનો કીમિયો છે.' 'સુબોધ કથાસાગર' માં 'મારે કાંઇ ન જોઇએ' શીર્ષકથી એક દ્રષ્ટાન્ત-કથા આલેખવામાં આવી છે. તદનુસાર - એક સન્યાસી મહાત્મા હતા. તેઓ એટલા બધા પવિત્ર હતા કે દેવો વિસ્મય પામીને વિચારવા લાગ્યા કે, 'આપણે આવી અવસ્થા કયારે પામીશું ?' દેવોએ ઇશ્વર પાસે જઇને કહ્યું કે આ મહાત્માને વરદાન આપવું જોઇએ. ઇશ્વરે કહ્યું: 'ભલે, તેને શું જોઇએ છે તે પૂછો.' આથી દેવોએ મહાત્માને પૂછ્યું: 'તમારા સ્પર્શથી રોગાએના રોગ મટી જાય એવી સિધ્ધિ જોઇએ છે ?' મહાત્માનો જવાબઃ 'ના એ કામ ઇશ્વરનું છે.'

'તો પછી પાપીઓનો ઉધ્ધાર કરવાનું અને કમાર્ગે જનારને સન્માર્ગે ચડાવવાની સિધ્ધિની જરૂર છે' દેવોનો પ્રશ્ન. મહાત્માએ કહ્યું: 'ના, ના. હું લોકોને આકર્ષી લઉં તો લોકો ઇશ્વરથી વિમુખ થઇ જાય'

દેવોએ પૂછ્યું: 'વારું, તમારે શાની જરૂર છે ?' કશું જ નહીં ઇશ્વરની કૃપા મારા પર રહેવા દો.' મહાત્માનો ઉત્તર. દેવોએ ભારપૂર્વક કહ્યુ: 'અમારો ફેરો નિષ્ફળ ન જાય એ માટે અમે વગર માગ્યે પરાણે તમને કાંઇક આપીશું. 'મહાત્માએ ક્હયું: 'ભલે, હું માગું છું. કે, મને ખબર ન પડે એ રીતે મારા હાથથી સુકૃત્યો થાય.' દેવો કહ્યું: 'તથાસ્તુ' આ મહાત્માની અનાસક્તિ એ જ સૌથી મોટો સદ્‌ગુણ છે. કોની સાથે રહેવું અને કોની સાથે ન રહેવું એ માણસના મનની વાત છે. પણ સામાન્ય રીતે લોકો દુ:ખમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહભાગી બને છે પરંતુ સુખની બાબતમાં માણસ આત્મકેન્દ્રી બને છે. સ્વાર્થી બને છે અને માત્ર ને માત્ર પોતાનો જ વિચાર કરે છે તેથી તેના જીવનમાં ભોગેષણા વધુ હોય છે અને ત્યાગની ભાવના અલ્પ. આજના જમાનામાં માણસનું આખું મન અને જીવન બદલાઇ ગયું છે. તેના જીવનમાં અંગત સુખની એષણા વધારે છે. આવી મનોવૃત્તિમાં માણસ બીજાની પરવા કરતો નથી. સગાં-વહાલાંને પણ ત્યજી દે છે. આ છે આજના જીવનની તાસીર અને તસ્વીર. સુખો માણસના દિલ-દિમાગને સીમિત-સાંકડું બનાવે છે. એ જ આજના જીવનની કરૂણતા છે.''



Scanned with OKEN Scanner

# ખામીઓ : આપણી અને બીજાની

- સૌરભ શાહ

કાલ ઉઠીને અકસ્માતમાં મારો એક પગ જતો રહે કે વાચા હણાઇ જાય કે આંખોની જ્યોતિ બુઝાઇ જાય તો શું હું મારી જાતને કોસતો રહીને બાકીની જિંદગી પૂરી કરીશ ? જો જન્મજાત જ મારામાં આવી કોઇ ખામી હોત તો શું હું અત્યારે મારી જાતને નફરત કરતો હોત ?

માણસ જેમ પોતાની શારીરિક ખામીઓને સ્વીકારીને પોતાની જાત સાથે કમ્ફર્ટેબલ થઇ જાય છે એ જ રીતે એણે નજરે ન દેખાતી હોય એવી, શારીરિક ન હોય એવી, ખામીઓ સાથે પણ કમ્ફર્ટેબલ થઇને જીવવું જોઇએ. આપણા સ્વભાવની કેટલીક ઊણપો હોય છે. દરેકના સ્વભાવમાં એવી કોઇને કોઇ ખામી રહેવાની.

ખામીઓ કેટલીક જન્મજાત હોય તો કેટલીક ધીમે ધીમે પ્રવેશી ગઇ હાયે. એના પ્રત્યે આપણે સભાન પણ હોવાના - કોઇકે કહ્યું હોય એને કારણે કે પછી આપણને પોતાને જ લાગતું હોય એટલે આપણે આ ખામીઓ આપણામાં છે એવું સ્વીકારતા થઇ ગયા હોઇએ છીએ અને એને દૂર કરવાના પ્રયત્નો પણ કરતા હોઇએ છીએ. જેમ એક પગ ન હોય તો કાખઘોડી વાપરીએ, અંધાપો-બહેરાશ-મુંગાપણું કે એવી કોઇપણ દિવ્યાંગતા આપણને કે બીજાને ન નડે એ માટે બધા જ પ્રયત્નો કરતા હોઇએ છતાં એ ખામીઓને સો ટકા દૂર કરી શકતા નથી.

બિનશારીરિક કે સ્વભાવગત કે લાગણી પ્રેરિત ખામીઓનું પણ એવું જ છે એને દૂર કરવાના પ્રયત્નો કર્યા પછી પણ એના જે અંશ બાકી રહી જાય છે એની સાથે સમાધાન કરીને કમ્ફર્ટેબલ થઇ જવું પડતું હોય છે. મારામાં આ સ્વભાવગત ખામીઓ છે એવું વિચાર્યા કરીને જાતને કોસ્યા કરવાની નહીં.

કોઇકને કસમયે રસોડામાં જઇને કટકબટક ખાઇ લેવાની આદત હોય, કોઇકને બીજાનાઓથી તરત ખોટું લાગી જતું હોય, કોઇક પોતાના સ્વાર્થને જ કેન્દ્રમાં રાખે, કોઇક વાતે વાતે ઝગડી પડે, કોઇક બીજાનું વાટ્યા જ કરે. કોઇકને પોતાની શેખી મારવાની આદત હોય, કોઇ દોસ્તો સાથે પણ વાતે વાતે કંજૂસાઇ કરે, કોઇ કયારેય બીજાનું ન વિચારે, બીજાને ઉપયોગી ન થાય. આ અને આવી બીજી અસંખ્ય સ્વભાવગત ખામીઓમાંની એક યા એકથી વધુ ખામીઓ આપણા સૌમાં હોવાની. કેટલીક ગાંધીજીમાં પણ હતી અને ધોબીની દ્રષ્ટીએ જોઇશું તો રામમાં અને કૌરવોની દ્રષ્ટિએ જોઇશું તો કૃષ્ણમાં પણ હોવાની. તો પછી આપણામાં કેમ ન હોય.

સ્વભાવની ખામીઓ જીવન સાથે અનિવાર્યપણે જોડાયેલી છે. એને દૂર કરવાની કોશિશ કરીએ અને કયારેક સો ટકા સફળ પણ થઇએ. પરંતુ બધી ખામીઓને સો ટકા નાબૂદ નથી કરી શકાતી. ગમે એટલા પ્રયત્નો કરતાં રહીએ છતાં એના કેટલાક અંશ રહી જતા હોય છે. તો શું કરવાનું ? સહન કરી લેવાની. આપણી હોય કે બીજાની - સહન કરીને એ ખામીઓ સાથે કમ્ફર્ટેબલ થઇ જવાનું. સ્વીકારી લેવાનું કે છે તો છે. હવે આગળ શું કરવાનું છે એ વિચારવાનું. કારણ કે દરેક વ્યક્તિમાં જેમ નાનીમોટી ખુબીઓ હોય છે એવું જ આ ખામીઓનું છે.

આમાંની દરેક ખૂબી કંઇ વ્યક્તિએ પોતે અભ્યાસ, તાલીમ કે અનુભવથી મેળવેલી હોય તે જરૂરી નથી. અમુક જન્મજાત ખૂબીઓને તમે કોઇ રીતે સંવારો નહીં તો પણ એ તમારી ખૂબી બનીને તમને કામ લાગતી જ હોય છે. ખામીઓનું પણ આવું જ છે. આપણા તમામ પ્રયત્નો બાવજૂદ કેટલીક ખામીઓ દૂર થતી નથી અને આપણું નાનુંમોટું નુકસાન કરતી રહે છે.

ધંધામાં વરસ દરમ્યાન અમુક સોદામાં નફો થાય, અમુકમાં નુકસાન એ રીતે જીવનમાં પણ આ ખૂબ-ખામીઓ દ્વારા નફો-નુકસાન થતાં રહેવાનાં છે. દરેક વખતે નફો જ થાય એવું નથી. વરસના અંતે સરવૈયું નીકળે ત્યારે ખબર પડે કે ઓવરઓલ સમગ્ર વર્ષ નફાનું રહ્યું કે નુકસાનનું. જિંદગીનો તાળો દરવરસે મેળવાતો નથી. જિંદગી પૂરી થઇ ગયા પછી જ એનું સરવૈયું નીકળે. આ બાબતમાં જિંદગીના વેપારધંધાય અલગ હોય છે. ભગવાને એવી વ્યવસ્થા કરી આપી છે કે દરેક જિંદગીના સરવૈયામાં છેવટે તો પ્રોફિટવાળું પલ્લું જ ભારે રહેતું હોય છે.

જિંદગી જીવાતી હોય એ દરમ્યાન નુકસાનની ઝાઝી પરવા કરવાની નહીં. જે દેખીતી રીતે નુકસાની કરવાનું કામ કરતા હોઇએ તે જીવનના અંત પછી નફાના ખાનામાં ઉમેરાઇ જાય એવું પણ બને.

આપણી નબળાઇઓ કે આપણી માનસિક ખોડખાંપણો પ્રત્યે બહુ આળા થવું નહીં. આપણી પોતાની ખામીઓ સાથે કમ્ફર્ટેબલ થઇને જીવતાં શીખી જવાનો બીજો મોટો ફાયદો એ છે કે આપણે આપણી આસપાસના લોકોને પણ, કુટુંબીઓ-મિત્રો-ઓફિસ કલીગ્સને, એમની ખામીઓ સાથે સ્વીકારતાં થઇ જઇએ છીએ.

ખામીઓ પર જ વારંવાર ધ્યાન્કેન્દ્રિત કર્યા કરવાનો મોટો ગેરફાયદો એ કે આપણી કે બીજાની ખૂબીઓ દેખાતી જ નથી. આપણે આપણામાંની જે ખૂબીઓની ધાર કાઢવાની છે એના પ્રત્યે બેધ્યાન બની જઇએ છીએ. છેવટે એ ખૂબીઓ બુઠ્ઠી બની જાય છે. નકામી થઇ જાય છે અને આપણને લાગવા માંડે છે કે આપણે તો કોઇ ખૂબી વિનાના માણસ છીએ. આપણામાં તો ખામીઓ જ ખામીઓ છે. આવું ન થાય એટલા માટે પણ આપણે પોતાની નબળાઈઓ સાથે કમ્ફર્ટેબલ થઇને જીવતાં શીખવાનું શરૂ કરવું જોઇએ. આજથી જ.

સાયલન્સ પ્લીઝ !

જે પુરૂષો સ્રીઓની નાનીમોટી ખામીઓને નજરઅંદાજ નથી કરી શકતા એ પુરુષો સ્રીઓનાં મહાન ગુણોને કયારેય માણી શકવાના નથી.

- ખલીલ જિબ્રાન

# યુવાનો ફરજ કરતાં હક્કને વધુ મહત્ત્વ આપે છે ?

- ડો. અશોક પટેલ (અમદાવાદ)

અન્ના હજારે સાહેબે ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન ચલાવ્યું. જેમાં તેમને જેટલી સફળતા મળી તેમાં ભારતના યુવાનોનો ફાળો અનન્ય રહ્યો હતો. અન્ના હજારેને જો યુવા વર્ગનો સાથસહકાર ન મળ્યો હોત તો આ આંદોલનને ક્યારે અને કેટલી સફળતા મળી હોત તે વિચારવું જ રહ્યું. સરકારે પણ આ આંદોલન સામે સમાધાનકારી વલણ અપનાવ્યું તેમાં વિવિધ વર્ગોના લોકોનો સાથ સહકાર હતો જ, પણ યુવાનોનું પ્રદાન કોઇપણ વ્યક્તિને આંખે ઊડીને વળગે તેવું રહ્યું છે. સરકારે પણ યુવાનોના મિજાજને જોયો અને પારખ્યો પણ ખરો. અન્ના હજારેજીના આ આ આંદોલનને કારણે યુવાનો ખૂબ જ જાગૃત થયા. અન્ના સાહેબ યુવાનોને આકર્ષી શક્યા તેની પાછળનું કારણ ભ્રષ્ટાચાર જ હતો. બીજા કોઇ મુદા માટે જો આ આંદોલન હોત તો કદાચ યુવાવર્ગ આટલા પ્રમાણમાં ન પણ જોડાયો હોત. અન્નાજીની વાત સૌ આમ આદમીને સ્પર્શ કરતી હતી. આજના યુવાનને ભ્રષ્ટાચાર સહેજ પણ પસંદ નથી. તેને પોતાના હક્કો મળવા જ જોઈએ તેમ તે માને છે. એટલું જ નહીં પોતાના હક્કો કોઇ વિઘ્ન -મુશ્કેલી વગર પ્રાપ્ત થવા જોઇએ. પોતાના હક્કો મેળવવા તેને લાંચ આપવી પસંદ નથી કે નથી પસંદ કોઇને લાગવગ કરવી. આજના મોટાભાગના યુવાન માને છે કે તેને પોતાની શક્તિ મુજબ કામ - નોકરી મળવાં જોઈએ, આ માટે વર્તન વ્યવહારથી કે શરીરથી કે પૈસાથી થતું ભ્રષ્ટ આચરણ તેને સહેજ પણ પસંદ નથી, જે મેળવવા તે આંદોલનને સાથસહકાર આપે જ તેમાં નવાઇ ન લાગવી જોઇએ. અરે સાથ સહકાર જ નહીં તેઓ રસ્તા પર પણ ઉતરી આવવા ખચકાય નહીં. તેમની આ વિચારસરણી માટે તેઓ ધન્યવાદને પાત્ર છે, તેમની આ વિચારસરણીને પ્રોત્સાહન મળવું જોઇએ, કોઇ ઠેસ પહોંચવી ન જોઇએ.

યુવાનોના ઉપરોક્ત વર્તનવ્યવહાર અને વિચારસરણીથી તેમના માટે માન તો ઉપજ્યું જ, પણ સાથે તેમના અન્ય કેટલાક વર્તન અને વિચારસરણીથી ઘણું દુ:ખ થાય છે. કારણ કે, તેઓ તેમના હક્ક માટે જેટલા જાગૃત બન્યા છે, તેટલા જાગૃત તેમની ફરજ પ્રત્યે બન્યા છે ? તેઓ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હતા ત્યારે તેમના શિક્ષકો અને આપણે સૌએ તેમને શીખવ્યું હતું કે, હક્ક અને ફરજ એક સિક્કાની બે બાજુ છે. આપણે જ્યારે હક્ક મેળવવા કે ભોગવવા માંગતા હોઇએ ત્યારે ફરજ પણ બજાવવી જોઇએ. મેં અનુભવ્યું છે અને જોયું છે તે મુજબ આપણા ભારત દેશમાં લોકો ફરજ કરતાં હક્ક પ્રત્યે વધુ જાગૃત છે, જ્યારે પરદેશમાં તેનાથી વિપરિત લોકો હક્ક કરતાં ફરજ પ્રત્યે વધારે જાગૃત છે. આજના યુવાનો હક્ક માટે જેટલા જાગૃત છે, તેટલા ફરજ પ્રત્યે જાગૃત નથી તેના કેટલાક ઉદાહરણો અહીં રજૂ કરું છું. જેનો અનુભવ દરેક આમ આદમીને થયો જ હશે, જેના કારણે તે દુ:ખી પણ થયા હશે.

પ્રથમ ઉદાહરણ રજૂ કરું તો, યુવાન ભાઈ-બહેનો વાહન ચલાવતા ટ્રાફિકના નિયમોનું પાલન કેટલા અંશે કરે છે ? વાહન ચલાવતા તમારી ફરજ બને છે કે, તમારા કારણે કોઈ વ્યક્તિ મુશ્કેલીમાં તો નથી મુકાતી ને ? તમારા કારણે કોઈ પરેશાન તો નથી થતું ને ? તમે કેટલી સ્પીડમાં વાહન ચલાવો છો ? કેવી રીતે ચલાવો છો ? કોઇની સાઈડ કેવી રીતે કાપો છો ? ચાર રસ્તા પર તમે તમારું વાહન ક્યાં ઊભુ રાખવાનું પસંદ કરો છો ? પોલીસ તમને રોકવાનો પ્રયત્ન કરે તો તમે શું કરો છો ? વગેરે વગેરે.

દોસ્તો, અહીં જ અમને સૌને દુ:ખ થાય છે કે, હક્ક પ્રત્યે સભાન બનેલો યુવક ફરજ પ્રત્યે કેમ બેદરકારી દાખવે છે ?

બીજું ઉદાહરણ રજૂ કરતાં ખૂબ જ સંકોચ અને ખૂબ જ દુ:ખ થાય છે. આજે કોલેજોમાં સ્કૂટર પર બેઠેલા યુવાનો કે રસ્તા પર ધીંગામસ્તી કરતા યુવાનોના મોઢામાંથી લગભગ દરરોજ અપશબ્દો સાંભળવા મળે છે. એવા અપશબ્દો કે જેને ગુજરાતી ભાષામાં નિસિદ્ધ શબ્દો કહેવામાં આવે છે, જે શબ્દોને હું અહીં રજૂ કરી શકું નહીં. ખૂબ જ ગંદા શબ્દો વારંવાર, વાત વાતમા બોલતો આ યુવાન કેમ વિચારતો નથી કે, વડિલ કે અન્ય વ્યક્તિને સંભળાય તેમ મારે આવા શબ્દો બોલવા ન જોઇએ. અને ભારોભાર દુ:ખ એ વાતનું છે કે આ યુવાનો અભણ નથી. કોલેજના મેદાનમાં કે લોબીમાં જોવા મળતા, ભણવા માટે કોલેજ જતાં યુવાનોના શબ્દો છે. કોલેજોના સંડાસ-બાથરૂમમાં જશો તો ત્યાં પણ દીવાલ પર અપશબ્દો લખેલા જોવા મળે છે. આવું કરનાર યુવાનોની સંખ્યા ઓછી હોય છે, છતાં તેમને આવા સંસ્કાર કોણ આપે છે ? મા-બાપ કે શિક્ષક તરફથી આવા સંસ્કાર ન જ મળતા હોય, ત્યારે તેઓ તેમના જ મિત્રો કે જે યુવાન જ હશે તેમની પાસેથી કે તેમનું જોઈને જ શીખતા હશે.

આજના કેટલાક યુવાનો પાન મસાલા કાઇને ગમે ત્યાં પિચકારી મારીને જે તે જગ્યાને ગંદી કરતા હોય છે. અહીં તેમની કોઈ ફરજ બને ખરી ? યુવાનો માટેની આ બાબત અંગે મારા સાથી



Scanned with OKEN Scanner

અધ્યાપક બહેને જણાવ્યું કે, હું બસમાં અપડાઉન કરું છું, ત્યારે બસમાં બેઠેલા કેટલાક યુવાનો પોતાના મોબાઇલ પરથી મોટો અવાજ રાખીને ફિલ્મી ગીતો સાંભળતા હોય છે. જે પેસેન્જરને ગમતું હોતું નથી, છતાં બિચારા પેસેન્જર સહન કરે છે.

ઉપરોક્ત જેવા અનેક ઉદાહરણો તમને પણ યાદ આવ્યા હશે. ત્યારે થાય છે કે, આજનો ભણેલો ગણેલો, જાગૃત ગણાતો,પોતાના હક્ક માટે કે ભ્રષ્ટાચાર માટે આંદોલનમાં જોડાતો આ યુવાન ફરજ બજાવવામાં પાછી પાની કેમ કરે છે ? સિવિલ સોસાયટીના સૌ સભ્યો જેમાં હું અને તમે પણ આવી ગયા, બધાંએ વિચારવું પડશે. યુવાન હક્ક માટે લડે અને મેળવે તે સારી બાબત છે, પણ ફરજ પ્રત્યેની ઉદાસીનતા કેમ સ્વીકારી શકાય ? લોકોને ફરજ બજાવતા કરવા માટે પણ આંદોલન ઉપાડવું પડશે. એ માટે કોઇ અન્ના હજારે બને અને સૌ યુવાન અને વડિલો તેમાં જોડાય તેવી અપેક્ષા.

---

# શ્રી વંથલી તીર્થ (વંથલી સોરઠ)

### શ્રી શીતલનાથ ભગવાન

પૂર્વે વામનસ્થલી તરીકે પ્રખ્યાત શ્રી સિદ્ધરાજના મંત્રી સજ્જનની જન્મ ભૂમિ છે. સજ્જન મંત્રીએ સોરઠના કર ઉપજથી ગિરનાર તીર્થના જીર્ણોદ્ધારનું સાંભળતા કોપ સાથે આવેલા સિદ્ધરાજને તેમના પિતાના નામથી બનાવેલ 'કર્ણવિહાર' પ્રાસાદના દર્શન કરાવતા હર્ષ પામી સંઘમાંથી એકત્ર કરેલ રકમ ન લેતા તેમાંથી વંથલીમાં ભવ્ય જિનાલય બનાવ્યું. ત્યાં કાલાંતરે મસ્જિદ થઇ.

પ્રતિમાઓ સુરક્ષિત રહી. અત્યારે ૧૫૦ સે.મી.ના શ્વેતવર્ણના પદ્માસનસ્થ મૂળનાયક શ્રી શીતલનાથ ભગવાન સંપ્રતિના સમયના છે. સંવત ૧૯૫૬ માં ગાંધી બગીચામાંથી કૂવો ખોદતાં સંકેત અનુસાર શ્રી શીતલનાથ ભગવાનની પ્રતિમા મળી હતી. વંથલીના વતની સંઘવી કુલદીપક સંઘવી મૂળજી ઉકાના સુપુત્ર સંઘવી હરજીવન મૂળજી તથા સંઘવી દેવકરણ મૂળજી એ પંન્યાસ શ્રી ગંભીરવિજયજી મ.સા. ના શિષ્ય પ્રસિદ્ધવક્તા મુનિ શ્રી ચારિત્રવિજયજી મ.સા. ના ઉપદેશથી પોતાના તથા પોતાના કુટુંબના કલ્યાણાર્થે આ જિનાલય બંધાવ્યો. શ્રી શીતલનાથ પ્રભુની પ્રતિષ્ઠા શેઠ દેવકરણ મૂળજી એ મુનિ શ્રી ચારિત્રવિજયજી મ.સા.ની દેખરેખ નીચે સંવત ૧૯૭૧ જેઠ સુદ ૬ શુક્રવારે ના દિવસે થઇ છે. જિનાલય શ્રી વંથલી તપાગચ્છ સંઘને અર્પણ કરેલ છે. અહીં શ્રી પદ્મપ્રભ સ્વામીની જિનાલય છે. આ તીર્થ જૂનાગઢથી ૧૬ કિ.મી. ના અંતરે આવેલ છે.

**સરનામું : શ્રી શીતલનાથ ભગવઆન જૈન શ્વેતાંબર મંદિર**

શ્રી વંથલી તપગચ્છ જૈન સંઘ, આઝાદ ચોક,

વંથલી-૩૬૨૬૧૦, જૂનાગઢ, ગુજરાત.

# ત્યાગ થી જ સુખ છે - સ્વામી આત્માનંદ

બે કીડીઓ હતી. એક મીઠાના પહાડ પર રહેતી હતી, અને બીજી કીડી ખાંડના પહાડ પર. એક દિવસ પહેલી કીડી બીજી કીડી પાસે આવીને બોલી - 'બહેન ! તું હમેશા ખાંડ ખાતી રહે છે, શું મને પણ એનો સ્વાદ ચાખવા દેશે ?' બીજી કીડીએ ઉત્તર આપતા કહ્યું - 'હા બહેન ! કેમ નહીં. અહીં તો જયાં-ત્યાં ખાંડ જ ખાંડ છે, સિવાય અહીં બીજું કશું જ નથી. તને ખાવી હોય એટલી ખાંડ લઇ લે.' મીઠાના પહાડ પર રહેનાર કીડી ખાંડના આખા પહાડ પર ફરી આવી અને જયાં-ત્યાંથી તેણે ખાંડ ચાખી પરંતુ તેને તો મીઠાસ આવી જ નહીં. તેણે આવીને કહ્યું 'બહેન અહીંયા તો ખાંડ જ કયાં છે ? મને તો કયાંય સ્વાદ નહીં આવ્યો.' બીજી કીડી પહેલી તો ઘણા



આશ્ચર્યમાં પડી ગઇ, પરંતુ વિચાર કરવા પર એને કારણ સમજાય ગયું. એણે મીઠાના પહાડ પર રહેનાર કીડીને મોઢું ખોલવા કહ્યું. મોઢું ખોલવા પર જાણ થયું કે એણે મોઢામાં એક મીઠાનો ટૂકડો મૂકી રાખ્યો હતો. કારણ પૂછતાં કીડી એ કહ્યું કે - 'બહેન ! આ તો ભવિષ્યમાં જયારે કંઇ ખાવા નહીં મળે તો ભૂખી નહીં રહી જાઉં એટલા માટે આ એક ટૂકડો હું સાચવીને રાખું છું.' જયારે એના મોઢામાંથી એ મીઠાનો ટૂકડો કાઢી નાખ્યો ત્યારે તેને ખાંડની મીઠાસ આવી. એણે એ મીઠાનો ટૂકડો મુસીબતના સમય માટે રાખી મૂકયો હતો.

આ જ રીતે જેને ભગવદ્ ભજનમાં કે સત્સંગમાં આનંદ નથી આવતો, તેમજ જેને ભગવાન પર પૂર્ણ શ્રધ્ધા નથી તેઓ વ્યર્થમાં જ ભવિષ્યની ચિંતા કર્યા કરે છે અને તેઓ પાતાનું અડધું મન વિષયોના રસપાન કરવામાં વ્યર્થ કરી રાખે છે, અને અડધા જ મનથી ભજન કરે છે. તેથી તેમને ભજનનો વાસ્તવિક આનંદ પણ નથી મળી શકતો.

**- સ્વામી આત્માનંદ (વેદાન્ત આશ્રમ, ઇન્દૌર)**

સંગ્રહેલું તો પાણી પણ પીવા લાયક નથી રહેતું, તેથી જ તો તળાવના પાણી કરતાં નદીના પાણીમાં વધુ મીઠાશ, મધુરતા અને સ્વચ્છતા હોય છે. ઇશ્વર પર શ્રદ્ધા રાખીશું અને પૂર્ણ સમર્પણ ભાવથી ભક્તિ કરશું તો તેઓ રણમાં પણ જરૂર પડીયે વરસાદ વરસાવવા આવશે.'

**- સનાતન**



Scanned with OKEN Scanner

## સંસ્થા સમાચાર

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

**સમાજને ભેટ**

૧૫૦૧/- મોટા ઉજળા નિવાસી હાલ મુંબઈ શ્રી હસમુખભાઈ ઉત્તમચંદ દોશી તરફથી સુપ્રિયાબેન બીજલભાઈ દોશીના આત્મશ્રેયાર્થે

૫૦૧/- શ્રીમતી ઉષાબેન ભુપતરાય શાહના વર્ષીતપ નિમિત્તે

૫૦૧/- શ્રી પૂર્વેશભાઈ ભુપતરાય શાહના વર્ષીતપ નિમિત્તે

**મુખપત્રને ભેટ**

૧૫૦૧/- મોટા ઉજળા નિવાસી હાલ મુંબઈ શ્રી હસમુખભાઈ ઉત્તમચંદ દોશી તરફથી સુપ્રિયાબેન બીજલભાઈ દોશીના આત્મશ્રેયાર્થે

૧૦૦૦/- શ્રીમતી દર્શનાબેન જયેશભાઈ વસા ના વર્ષીતપ નિમિત્તે

**શ્રી ડો. શાંતિલાલ રતિલાલ કોરડીયા મેડિકલ રાહત યોજના**

૨૦૦૩/- મોટા ઉજળા નિવાસી હાલ મુંબઈ શ્રી હસમુખભાઈ ઉત્તમચંદ દોશી તરફથી સુપ્રિયાબેન બીજલભાઈ દોશીના આત્મશ્રેયાર્થે

## NEW ADDRESS

**Viresh Vinaychand Mehta**
Om Sundar Vichar CHSL., Block No. A-1001,
10th Floor, Opp. Bank of Baroda,
Shimpoli Road, Borivali (West), Mumbai-400092.
Vireshbhai : M.: 98924 66654
Jayshriben : M.: 93230 75617

**Nitin N. Odhwani**
1201, Helicon Heights, Opp Sailee Hospital,
Above KFC, Near Link View Hotel,
New Link Road, Borivali (West), Mumbai-400091.
M.: 93246 92095

**PraweenKumar J. Vora**
501, Samarth Arihant C.H.S., Shimpoli Road,
Kasturpark, Near Bank of Maharashtra,
Borivali (West), Mumbai - 400092.
Pravin J. Vora : M.: 79772 76615 / 9324716094

**Lalitbhai Muljibhai Ramani**
No.4, Swastik Bunglows,
39, Vasant Kunj Society,
Jain Nagar, Paldi, Ahmedabad - 380007.
M.: 9825254900

## અવસાન નોંધ :

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મરણ

■ જેતપુર નિવાસી હાલ કોઇમ્બતુર સ્વ.લક્ષ્મીચંદ ભીમજી દોશીના સુપુત્ર કનકરાય ઉ.વ.(૭૯) તા.૦૧-૦૫-૨૦૨૫ ના ગુરુવારના રોજ અરિહંતશરમ પામેલ છે. તે સ્વ.ભારતીબેનના પતિ, વખતચંદ હરખચંદ શેઠ (બાટવાના) જમાઇ, રમેશભાઈ, અનસુયાબેન નવીનચંદ્ર શાહ તથા રશ્મિબેન વિનોદચંદ્ર શેઠના ભાઈ, પારૂલબેન પિયુષભાઈ વસા ત્થા મીતાબેન, કેતનકુમાર શાહના પિતાશ્રી, યશ, પ્રેક્ષા, નૈનેશ તન્નાના મોટા પપ્પા, જૈમિન, શિખા, દિયા, હિયાના નાના.

■ મોટા ઉજળા નિવાસી, હાલ મુંબઈ શ્રી હસમુખભાઈ ઉતમચંદ દોશી ના પુત્ર વધુ. સૌ.સુપ્રિયાબેન બીજલભાઇ દોશી (ઉ.વ.૫૬) તા.૨૦-૦૪-૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. તેઓ સુધાબેન હસમુખભાઈ દોશીના પુત્રવધુ, સુશિલાબેન ત્થા સ્વ.સુભાષભાઈની પુત્રી, સ્વ. સંદિપભાઈ અને સ્વ. જયદિપભાઈના બહેન, તેઓ અનિકેત અને જાનવીના મમ્મી. જીલના સાસુ, મિતાબેન ધર્મેશભાઈ ના દેરાણી.

■ મજેવડી નિવાસી હાલ રાજકોટ નયનભાઈ રામાણી (ઉ.વ.૪૮) તેઓ શ્રીમતી દીનાબેન ત્થા મહાસુખભાઈ નંદલાલભાઈ રામાણીના પુત્ર તે વૈશાલીબેનના પતિ, તે વત્સલ ત્થા પ્રિયાંશીના પિતાશ્રી ત્થા શીતલબેન શ્રીપાળકુમારના ભાઈ અને સ્વ.ધીરજલાલ મગનલાલ સંઘવીના જમાઇ તા.૧૨-૦૫-૨૦૨૫ સોમવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

■ સરદારગઢ નિવાસી હાલ ભીવંડી, સ્વ.પ્રાણલાલભાઈ પારેખનાં ધર્મ પત્ની ત્થા નિલેશભાઈના માતુશ્રી ત્થા ભાવનાના સાસુજી રમીલાબેન (ઉ.વ.૮૧) તેઓ સંકેત ત્થા ધ્વનિના દાદી ત્થા રીતુના દાદી સાસુ ત્થા તેઓ મંગળાબેન ત્થા સ્વ.રમણીકલાલ પારેખ સ્વ. મૃદુલાબેન ત્થા સ્વ.અરવિંદભાઈ પારેખ, ઉષાબેન ત્થા ધીરુભાઈ પારેખ, સરોજબેન ત્થા રસિકલાલ લીલાધર સંઘવી, હંસાબેન ત્થા ચંદ્રકાંત પારેખ, સોનલ ત્થા જગદીશભાઈ પારેખના ભાભી ત્થા શાંતિલાલભાઈ કોરડીયા, અમૃતભાઈ કોરડીયા, ઝવેરભાઈ કોરડીયા, પુષ્પાબેન મહેતા ત્થા નિમુબેન દોશીના બહેન તા.૦૯-૦૫-૨૦૨૫ શુક્રવારના રોજ નવકાર મંત્રનું સ્મરણ કરતા અરિહંત શરણ પોમલ છે.

■ કોલકી નિવાસી હાલ ઘાટકોપર દલીચંદ મનજીભાઈ મહેતાના પુત્રવધુ હર્ષિદાબેન (ઉ.વ.૬૯) તે હર્ષદભાઈના ધર્મપત્ની, હાર્દિકના માતુશ્રી, હેતલના સાસુ, ગુંદાવાળા ઉર્મિલાબેન દલીચંદ લાલચંદ મહેતાની સુપુત્રી તા.૩૦-૦૪-૨૦૨૫ના અરિહંત શરણ પામેલ છે.

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ ના ટ્રસ્ટીઓ



શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા



શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા



શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી



શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા



શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા



શ્રી પંકજભાઈ નંદલાલ વોરા



શ્રી ભરતભાઈ ન્યાલચંદ મહેતા



શ્રી પ્રેમલભાઈ લલિતભાઈ મહેતા



શ્રી શિરીષભાઈ સાકરચંદ વસા



શ્રી સુરેશભાઈ ખુશાલચંદ ધ્રુવ



શ્રી હસમુખભાઈ ગુલાબચંદ મહેતા



Scanned with OKEN Scanner

PUBLISHED ON 20TH OF EVERY MONTH • RNI - 22805 / 1973 • SORATH VISASHRIMALI (Guj. Monthly)
• POSTING UNDER THE REGISTRATION NO. MCS / 140 / 2024-2026 • POSTED AT MALAD WEST SO (ND)
MUMBAI - 400064. ON the 24TH & 25ST OF EVERY MONTH

# સ્મરણાંજલી



# સ્વ. જયાબેન શાંતીલાલ શાહ

## વાત્સલ્યની વીરડી સમા જયા બા ને
## શાહ પરિવાર તરફથી

# ભાવભીની શ્રધ્ધાંજલી

### ગીતાબેન તથા સ્વ.વસંતભાઈ શાહ

| | |
|---|---|
| મીનાક્ષીબેન બંકિમભાઈ શાહ | મીનાબેન દિલીપભાઈ શાહ |
| સ્વાતીબેન કિશોરભાઈ શાહ | ભાવના અનિલભાઈ શાહ |
| સ્વ.નીલાબેન કિશોરભાઈ મહેતા | સ્વ. સુશીલાબેન સુરેશભાઈ સાવડીયા |

Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : JAYESH S. VASA



Scanned with OKEN Scanner